રાજવલ્લભના પરિચયમાં આવનારા તેને એક કુશળ રાજપ્રકરણી પુરુષ તરીકે ઓળખતા; પણ તે જેટલો કુશળ હતો તેટલો જ બિચારી હતો. તે ક્યારે ફરી જાય અને દ્રોહ કરી બેસે એ કંઈ કહી શકાય નહીં. રાજવલ્લભ પોતાની યોગ્યતા જગતશેઠની રૂબરૂ સિદ્ધ કરતા સંકોચાયો. એમ પણ હોય કે તેને પોતાની પ્રપંચકુશળતા ઉપર એટલી બધી શ્રદ્ધા હતી કે ખુલ્લી સભામાં ઉમેદવારી નોંધાવવી એ તેને ન રુચ્યું હોય.

" અને આપણા અહમદ સાહેબને તો ઉત્કલ સિવાય બીજો પ્રદેશ પસંદ નહીં આવે. " જગતશેઠે કટાક્ષ કરતાં કહ્યું. જમીનદારો આનો અર્થ સમજી ગયા અને સભ્યતાના ખાતર પણ આવી સભામાં હસવું એ ઠીક નહીં એમ માની પરાણે હેઠે દાબ્યા. હાજી અહમદની નવાબ પદવીની આતુરતા એક

પળમાં પીગળી ગઇ. જગતશેઠ માત્ર કારભાર કરી જાણે, છૂપી વાતોના મર્મ શું સમજે? એ પ્રકારનો તેનો ભ્રમ ઉડી ગયો.

" બંગાળ ને ઉત્કલ ક્યાં જૂદા છે ? " હાજી અહમદે શરમાતાં શરમાતાં કહ્યું.

" ભલે જૂદા ન હોયઃ પણ એક રમણીની ખાતર ઉત્કલનાં અંતર ઉકાળનાર અમલદાર પાસેથી બંગાળની રૈયત ઇન્સાફની આશા શી રીતે રાખી શકે? " જગતશેઠ ફતેહચંદની હૈયાતીમાં સીધી રીતે બંગાળની મસનદ મેળવવાનો હાજી અહમદનો આશા તંતુ એટલેથી જ ટૂટી ગયો. ઉત્કલના એક ખૂણામાં ગુજરેલો જુલમ જગતશેઠ સુધી પહોંચી શકે છે એ જાણી તેનું મ્હોં ઉતરી ગયું.

'નવાબ' પદને માટે નાલાયક ઉમેદવારોનો નિર્ણય તો થયો, પણ અજ્ઞાત મંડળમાંથી લાયક પુરૂષને શોધી કાઢવાનું કામ આખરે જગતશેઠ ઉપર આવી પડ્યું. કાચના ટુકડાઓમાંથી હીરો પારખી લેવો એ માત્ર જગતશેઠથી જ બની શકે એમ સૌને લાગ્યું.

" મારી નજરે એક માણસ ચડે છે. કેટલાકોને તો એ નામ તદ્દન અપરિચિત હશે. તે જાતે મુસલમાન હોવા છતાં એક હિંદુ સંન્યાસીના સંસ્કારી વાતાવરણમાં ઉછર્યો છે. હિંદુ અને મુસલમાનને એક આંખે જોઇ શકે એવી તેનામાં શક્તિ છે. તેનું આજ સુધીનું ચારિત્ર એટલું જ નિષ્કલંક છે. [illegible] -ઉદ્દીન પણ તેના પ્રત્યે ખૂબ શ્રદ્ધા ધરાવતો. યુ[illegible]માં તે [illegible] જાય તેવો નથી." અંધાર અટવીમાં દી[illegible] એમ જગતશેઠે પ્રસ્તાવના રચી. જ[illegible] પુરૂષનું નામ સાંભળવા [illegible]તશેઠની [illegible]

(૧૨)

જગતશેઠની એક ધારણા ખોટી પડી. તેમણે માનેલું કે મંત્રણાનો ભેદ છતો નહીં થાય; પરંતુ સરફરાજને કોઈએ ચેતવ્યો. જીંદગીમાં પહેલી જ વાર હાથમાં હથીયાર લઈ અલીવર્દી–ખાંની સામે લડવા નીકળ્યો. ઘેરીઆના મેદાનમાં સરફ અને અલીવર્દી–ખાં લડયા. સરફ મરાયો. સરફની પાછળ કોઈએ આંસુનું ટીપું ન પાડયું.

જગતશેઠનો હાથ પકડી, અલીવર્દી–ખાં બંગાળની મસનદ ઉપર બેઠો. તે જ્યારે પટણામાં હતો ત્યારે એક સાધુજને, તેને બંગાળનું રાજ્ય મળશે એવું ભવિષ્ય ભાખેલું. જગતશેઠ અમીદ્રષ્ટિ એ સ્વપ્નસિદ્ધિમાં નિમિત્તરૂપ બની. અલીવર્દી અ બાપુદેવ શાસ્ત્રી નામના એ વખતના એક પ્રસિદ્ધ પંડિત વ ગાઢ મિત્રાચારી હતી. એ શાસ્ત્રીના શિક્ષણના પ્રતાપે અલીવ હિંદુઓ અને મુસલમાનોમાં એક સરખો પ્રિય બની શકયો.

ઇતિહાસ ઉચ્ચારે છે કે અલીવર્દી–ખાંના ધાર્મિક જીવન પ્રભાવે મુર્શિદાબાદનો રાજપ્રાસાદ પવિત્ર તપોવન જેવો બન્યો હતો. મસ્જિદે મસ્જિદે નમાજ અને મંદિરે મંદિરે યોગ્ય સમયે પૂજાપાઠ થતાં. ગરીબોને છૂટથી અન્ન તથા વસ્ત્ર વહેં

- અદાલતમાં ન્યાય અને નીતિનું જ પાલન થતું. અવ-
ા સમયમાં મૌલવીઓ તથા શાસ્ત્રીઓને બોલાવી અલી-
-ખાં શાસ્ત્રનું રહસ્ય સમજવાનો પ્રયત્ન કરતો. વેસ્યાઓ
ઓ પાસે ફરકી શકતી નહીં. નાચરંગને રાજકાર્યમાં
ક દખલ કરવાનો તલમાત્ર અવકાશ મળી શકતો નહીં. એનું
જ મ્હોટું હતું. ભાઇ, બ્હેન, બનેવી, પુત્રીઓ અને
ઓના સંતાનોને લીધે તેને ભાગ્યશાળી માનવાનું કોઇપણ
રણને મન થાય. અલીવર્દી-ખાં પોતે પણ વિસ્તૃત કુટું-
નું અભિમાન લેતો. "સંસાર એ જ સાચું યુદ્ધક્ષેત્ર છે
ને એ યુદ્ધભૂમિની અંદર જે માણસ સ્નેહીઓનાં અત્યાચાર
સહન કરી શકે છે તે જ ખરો વીરપુરૂષ છે" એ તેનો મુદ્રા-
લેખ બન્યો હતો. બંગાળના કમનશીબે એ સૌભાગ્યે પલટો
લીધો: રાજલોભે સગાંઓની અંદર કલેશની હોળી સળગાવી
અને આખરે બંગાળની તથા ક્રમે ક્રમે સમસ્ત ભારતમૈયાની
સ્વાધીનતાનું બલિદાન દેવાયું.



અલીવર્દી-ખાં બંગાળની ગાદીએ આવ્યો કે તરત જ
મરાઠા ... ોનાં ઉપરા ઉપરી આક્રમણ શરૂ થયાં. એક વરસ
પૂરું નહીં ... યું હોય એટલામાં સલ્તનતની પામર સ્થિતિનો લાભ
લેવા એ... રફ બાલાજીએ અને બીજી તરફ રાઘોજીએ લૂંટફાટ
શરૂ કરી દીધી. એ વખતે અલીવર્દી-ખાંની ઉમ્મર લગભગ
પંચાવન વરસની હતી. એટલું છતાં આક્રમણ, વિગ્રહ કે
બળવાના સમાચાર મળતા, એક ક્ષણનો પણ વિલંબ કર્યો
વિના લશ્કરને મોખરે આવી ઉભો રહેતો. પચીસ વરસ તે
મસનદ ઉપર રહ્યો. પણ એક વરસ એવું ખાલી નહીં ગયું
હોય, જેમાં અલીવર્દી-ખાને શત્રુનો સામનો કરવો પડ્યો
ન હોય. મરાઠાઓ જે વખતે મરાઠી સામ્રાજ્ય સ્થાપવા

ભાગીરથીનો પશ્ચિમ કીનારો હજી એ તોફાનોથી અસ્પ-
રર્યો રહ્યો હતો. ઢાકા અને મુર્શિદાબાદ જેવી રાજધાનીમાં
એ મુસ્લાની આ મરાઠી સૈન્ય દિગ્મન કરી શકતું નહીં.
ટેશમાં એક દિવસે પશ્ચિમ કીનારા ઉપર બંગાળીઓનું
ગભરાટી આક્રંદ સંભળાયું. મરાઠાઓ ભાગીરથીની આસપાસના
ગામો લૂંટતા, ઘરો સળગાવતા, ઘોડાની ખરીઓથી ઉભો પાક
ખૂંદતા લગભગ મુર્શિદાબાદ પાસે આવી પહોંચ્યા. સ્ત્રી, પુરુષો,
બાળકો અને વૃદ્ધોનાં ટોળે ટોળા ભાગીરથીના સામે કીનારે
પહોંચવા અને હરકોઇ પ્રકારે જીવ બચાવવા દોડાદોડી કરી
રહ્યાં. અલીવર્દી-ખાને જેવા એ સમાચાર મળ્યા કે તરત જ
તે જગતશેઠ ફતેહચંદની પાસે ગયો.

"ભુખ્યા વરુના ટોળા જેવા મરાઠા, પશ્ચિમ કીનારે
આવ્યા છે. મુર્શિદાબાદને બહુ બીક નથી. છતાં તમે આપણા
કુટુંબોને કોઇ એક સલામત સ્થળે રાખી આવો " અલી-
વર્દી-ખાં પોતાના સગા સ્નેહીઓ અને અસંખ્ય દાસ-દાસીઓ
કરતા પણ જગતશેઠ ઉપર અધિક શ્રદ્ધા રાખતા.

"[illegible] જ્યાં સુધી [illegible] આપ નિશ્ચિત રહેજો પણ
મુર્શિદાબાદ [illegible] ન છોડે ! " જગતશેઠ [illegible]

[illegible]

[illegible]

જગત શે ઠ

હુબીએ જો ધાર્યું હોત તો મારીને પાછા કાઢી શકત. ઉપરની ઘડીએ તે બેવફા નીવડ્યો—અલીવર્દીએ મૂકેલો માત્ર આંધળા સ્નેહમાંથી જન્મ્યો હતો એમ તેણે કર્યું. મીર હબીબ લૂંટમાં ભાગ મેળવવાની આશાએ મરાઠાઓ સાથે ભળી ગયો. મુર્શિદાબાદ ગઢવિનાનું ખુલ્લું પડ્યું. મીરની શીખવણીથી મરાઠાઓ પહેલો જ હલ્લો જગતશેઠની પેઢી ઉપર લઈ ગયા. આખો દેશ લૂંટવાથી તેમને જે ધન-દ્રવ્ય ન મળી શકત તેટલું અહીં તેમને પ્રાપ્ત થયું. જગતશેઠ અને તેમનો પરિવાર, બાદશાહી કુટુંબ સાથે હોવાથી મરાઠાઓની સામે બચાવ કરવા કોઈ બ્હાર ન પડ્યું.

જગતશેઠની પેઢી લૂંટાય છે અને મુર્શિદાબાદ ઉજ્જડ બન્યું છે એ સમાચારથી વિહ્વળ બનેલો અલીવર્દી એકદમ મુર્શિદાબાદ તરફ દોડ્યો. પણ લૂંટવાની, નાસવાની અને છુપાવાની કળામાં પૂરા પાવરધા ગણાતા મરાઠાઓને તે યોગ્ય શાસન કરી શક્યો નહીં. જે જગતશેઠ નવાબ-પરિવારનું રક્ષણ કરવા પોતાની પેઢી છોડીને ગયા હતા તેમને જ ત્યાં આવી લૂંટ પડેલી જાણી નવાબ ઘણો ગુસ્સે થયો. જગતશેઠ જ્યારે પૂછશે ત્યારે પોતે શું જવાબ આપશે ? તપાસ કરતાં મીર હબીબ પણ દેશ તજીને નાસી ગયો હોય એવી બાતમી મળી. બીજાં બધાં વેર ભૂલી જવાશે, પણ નવાબના આત્મીય જેવા જગતશેઠની પેઢી લૂંટાય એ વેર તો કોઈ કાળે પણ ન ભૂલવાની અને તેનો યોગ્ય બદલો લેવાની અલીવર્દી-ખાએ પોતાના મન સાથે મજબૂત ગાંઠ વાળી.

પુન શાંતિ સ્થપાતાં અલીવર્દી-ખા જગતશેઠની જાણે માફી માગતા હોય તેમ પેઢી લૂટાવાની વાત કરી. પણ ૯૭

... સ્થળને ' ગોદાગાડી ' નામના
વખત ... આ તેજ સ્થળ છે કે જ્યાં
... ગોજાંઓ નિરંતર નિર્ભયતાના
શો ... મહાનદીઓનાં નીર જાણે કોઈ
ઠ ... આત્માને આલીંગતા હોય તેમ
... ભીનાવળા વહ્યાં જાય છે.
... પણ હતો. જગતશેઠને થયું
... મુર્શીદાબાદની આસપાસ હોય તો
નુ ... ' અલીવર્દી–ખાંનો જમાઈ
... ગોદાગાડીમાં રહ્યા.

... હતો. તેણે માનેલું કે
... બળ વાપરવું નહીં
... અલીવર્દી–ખાં એવું
... આ મરાઠાઓ રાજ્યો
... પ્રકારે લૂંટ ચલા-
... અને એ રીતે
... ઓમાં જે યુદ્ધ-
... પ્રદેશમાં પણ
... સામે આવી ઉભું
... ચાઇ ગયું. એક
... અને બીજો ભાગ
... બની ગયા. અલીવર્દી-ખાં
... નીકળી છૂટવાની
...

૯૬
... મુર્શીદાબાદમાં ... મરાઠાઓને

…થી રીતે થયું એ મુંઝવણ ઉભી થઇ. બાલાજીને જો … ચોથના બદલામાં દસલાખ રૂપીયા આપવામાં આવે … તે લીધા વિના પાછો જવા તૈયાર હતો. અલીવર્દી પાસે …રવું નાણું ન હતું. જમીનદારોનું કરજ કરીને પણ …બાજીનું મન સંતોષ્યું.

ભાસ્કર પંડિતને સમજાવી પાછા વાળવાની જવાબદારી જગતશેઠ ઉપર આવી. માનકરાના મેદાનમાં, જ્યાં ભાસ્કર …તિનું સૈન્ય પડ્યું હતું ત્યાં તેની સાથે વાટાઘાટ ચલાવવા જગતશેઠ અને અલીવર્દી-ખાં જુદી છાવણી જમાવી પરિણા…મની રાહ જોઇ રહ્યો.

ભાસ્કર પંડિત, મરાઠા સૈન્યનો કોઇ કદાવર, વાઘ જેવો …વિરાળ અને મહા મુસદ્દી સેનાનાયક હશે એમ જગતશેઠે માનેલું. પણ તેને જોતાં જ જગતશેઠની એ ભ્રમણા ભાંગી ગઇ. ભાસ્કરનું ખીલતું યૌવન, દક્ષિણના પહાડી સૌંદર્ય જેવું જ મનોરમ અને આકર્ષક હતું. વંશપરંપરાથી ઉતરતું …બ્રાહ્મણ ગાંભીર્ય તેના મ્હોં ઉપર તરવરતું તેની આંખોમાં …ને જાણે વિરલે તો નિર્દોષતા જ નીતરતી હતી. દુશ્મનોને પણ મિત્ર થઇ પડે એવા આ યુવાનને એના આ…ન… દૂર યુદ્ધના મેદાનમાં મોકલવાની હિમ્મત કયા હિસાબે કરી હશે ? જગતશેઠને ભાસ્કર પંડિત પોતાના સંતાન જેટલો [illegible]
[illegible]
[illegible] મેદાનમાં [illegible]
[illegible] ૯૯
[illegible]

[illegible] જગતશેઠના મ્હોં ઉપર વિસ્મય [illegible] એક પણ રેખા ન અંકાઇ. એ લુંટ જગતનો [illegible] પ્રસંગ હોય એવી બેપરવાઇથી કહ્યું:— [illegible], કોઇ દિવસ તરસ્યા પીનારાઓ ખુટાડી [illegible] એક એવો કુવો છે કે જેમાં ક્યાંથી કેટલી સેર [illegible] કાઢી શકયું નથી. મરાઠાઓ તો [illegible] ખાબોચીયામાંથી જ થોડું [illegible] અફસોસ કરવા જેવું શું છે!" [illegible] રીઝવવાને સારૂ જ જગત [illegible] છે. બાકી મરાઠાઓને [illegible] કોને આઘાત ન થાય!

[illegible] કહે છે કે પેટાની લુંટ [illegible] બીજેજ દિવસે [illegible] શક્તિમાન [illegible] અસંખ્ય આ- [illegible] મરાઠાઓની [illegible].

[illegible]

જગતશેઠ ભાસ્કર પંડિતને લાંચ આપી, પાછો રવાના કરવા આવ્યા હતા. પંડિત બંગાળના કાળરૂપે બંગાળની છાતી ઉપર ઉભો હતો. વાટાઘાટ પડી ભાંગે તો એજ ભાસ્કર અસંખ્ય નારીઓને ઘરબાર વિનાની બનાવવા, બાળકોને નિર્દયપણે રઝળાવવા અને ગૃહસ્થોનું સત્યાનાશ વાળવાને તૈયાર હતો. આવા માતૃભૂમિના એક દુશ્મન તરફ થોડો પણ સ્નેહ દ્રવે એ શું નબળાઇનો એક પ્રકાર ન ગણાય?

ખરેખર, જગતશેઠ એજ ક્ષણિક નબળાઇના ભોગ બન્યા. તેઓ વયોવૃદ્ધ હતા. તેમને ત્યાં દીકરાના દીકરાઓ ખેલતા. ભાસ્કરને જોયા પછી તેમનું સ્નેહાળ અંતઃકરણ અવશ બન્યું. તેમને થયું કે મારા પૌત્ર જો આ રીતે પરદેશમાં લડવા જવાની હઠ પકડે તો આ દુર્બળ હૃદય બીજીજ ક્ષણે ધબકતું બંધ પડી જાય! પરિવાર પ્રત્યેના ઉભરાતા સ્નેહમાંથી જ આ નબળાઇ જન્મી હતી.

ભાસ્કર સમજતો હતો કે જગતશેઠ બંગાળના કર્તાહર્તા છે. અલીવર્દી કરતાં પણ જગતશેઠનો મોભો ચડીયાતો છે. તેણે વિવેકપૂર્વક જગતશેઠને સન્માન્યા અને પોતાના કોઈ આત્મીયને મળતો હોય તેટલા બહુમાનથી પોતાની પાસે બેસાર્યાં. નવાબના માણસો જગતશેઠ પ્રત્યે જે અદબ રાખતા તે કરતાં ભાસ્કરના આ વિવેકમાં તેમને વધુ સ્વાભાવિકતા સમાએલી હોય એમ લાગ્યું.

"દક્ષિણના નૌજુવાનોનાં લોહીથી બંગાળની ભૂમિ રંગાય એમ અમે નથી ઇચ્છતા. તમ જેવા જુવાનો માબાપોને મન વ્હાલા હોય તે કરતાં બંગાળ માતને તમે વધુ વ્હાલા લાગો છો." જગતશેઠના હૈયામાં જે મનોભાવ હતા તે હોઠે આવ્યા.

" અમારા મા-બાપોને અમારાં શરીર વહાલાં નથી. અમારી રણભેરીના નાદ તેમને ઉન્મત્ત બનાવે છે. મરાઠી-સામ્રાજ્યના ગૌરવ તેમને પુત્ર તથા પ્રાણ કરતાં પણ અધિક પ્રિય છે." ભાસ્કરે એની સ્વચ્છ દંતપંક્તિ સમું નિર્મળ હાસ્ય હસ્યો.

"શાહેનશાહ પોતે જો મરાઠાઓની ચોથ મંજુર રાખતા હોય તે પછી અમારાથી એની સામે શી રીતે વાંધો લઈ શકાય ? બોલો, બંગાળ, બિહાર ને ઓરીસાની ચોથના બદલામાં આપ કેટલી રકમ લેવા તૈયાર છો ?" જગતશેઠે સમાધાનીની શરૂઆત કરી.

" આલીજાહને તમે દસ લાખ આપી પાછા કાઢયો; પણ રાજાનો આ પ્રતિનિધિ એમ નહીં છેતરાય." પિતામહની પૂંઠે બાળક લાડ કરતો હોય એટલી મધુરતાથી ભાસ્કરે પોતાનો અસ્પષ્ટ નિશ્ચય દર્શાવ્યો.

" અમે તો સમજતા હતા કે અમારા બંગાળના જમાઈ-રાજાએ જ આવી મનોદશા કરી " જગતશેઠે ધીમેથી ઉચ્ચાર્યું.

" એટલે ?" ભાસ્કરે આગ્રહથી પૂછ્યું.

" એટલે એમ કે અમારા જમાઈએ સતારાનું મરાઠા [illegible] બિનતો [illegible] [illegible] નહીં [illegible]

[illegible]

"તો કંઈ નહીં. બંગાળના બે સારા શહેર લૂંટશું તો પણ દસ લાખ કરતાં વધુ માલ તો અવશ્ય મળી રહેશે."

"લૂંટફાટ" નું નામ સાંભળતાં જ જગતશેઠના કાન ચમક્યા. તેમનો ચ્હેરો ફીક્કો પડ્યો.

"બંગાળને લૂંટશો અને છતાં મરાઠી—સામ્રાજ્ય સ્થાપવાનો અભિલાષ રાખશો ? જગતમાં ક્યાંઇ લૂંટારાઓએ સામ્રાજ્ય સ્થાપ્યાં જાણ્યાં છે ? શિવાજીમહારાજના ભગવા ઝુંડાને સમસ્ત ભારતવર્ષ નમે છે, પણ એ ઝુંડો આજે તમારી લૂંટફાટથી કલંકિત બન્યો છે. એવા ઝુંડાના આશરે ઉભું રહેવું તે કરતા પરદેશીનો આશરો લોકો વધુ પસંદ કરશે." મરાઠાઓના ઉપરાઉપરી આક્રમણોનું સ્મરણ થતાં જગતશેઠ આવેશને વશ થયા. "બંગાળની દશા આજે તો તેના દુશ્મનોના દીલમાં પણ દયા આણે એવી છે. તેનું કોઇ ધણીધોરી નથી. દિલ્હીમાં બેઠો બેઠો શહેનશાહ દેશને લૂંટાવી રહ્યો છે. આજે બાલાજીને, કાલે રાઘોજીને, તો પરમદિવસે અંગ્રેજ વેપારીને નવાનવા કરારો અને દસ્તાવેજો લખી આપે છે. બીજી તરફ જમીનદારો સ્વતંત્ર થતા જાય છે. ન્હાના ન્હાના સીપાઇઓ પણ જાણે સમ્રાટના સગા ભાઇ હોય એવા સ્વચ્છંદ માણે છે. બંગાળની જ વાત હું કહી રહ્યો છું. બંગાળ આજે ચારે કોરથી ચૂસાય છે. બંગાળના લોહીથી તમે મહારાષ્ટ્રને સમૃદ્ધ બનાવવા માગો છો ? નિર્બળ બંગાળના નિશ્વાસ ઉપર તમારાં ઐશ્વર્ય ટકશે ? અને ચિરસ્થાયી રહેશે ?"

ભાસ્કર પંડિત જેવાનો [illegible] વૈભવનું [illegible] માતૃભૂમિની [illegible] કોઈ [illegible] અંતરને [illegible] રહ્યું છે એમ તે સ્પષ્ટ જોઈ [illegible]. [illegible] અને [illegible]. જગતશેઠમાં જાણે [illegible] થઈ [illegible].

ભાસ્કર બંગાળની ચોથમાંથી ઓછું કરવા તૈયાર થયો. પણ કેટલું ઓછું લેવું તેનો નિર્ણય ન કરી શક્યો. કહ્યું:— "આવતી કાલે આપણે વધુ વિચાર કરશું—નવાબ અલીવર્દી–ખાં પણ ભલે આવે."

જગતશેઠ સમ્મત થયા. તે દિવસ તો એમને એમ પસાર થઈ ગયો. વગર યુધ્ધે જો બંગાળની તીજોરીમાંથી થોડું ઓછું નાણું મળતું હોય તો તે લેવા ભાસ્કર પંડિત લલચાયો. જગતશેઠની વાત સાંભળ્યા પછી તેનું હૃદય જરા કુણું બન્યું હતું.

બીજા દિવસનું પ્રભાત ઉગ્યું. માનકરાના મેદાનમાં સંપૂર્ણ શાંતિ પ્રસરી હતી. એ શાંતિ ઉપર અટ્ટહાસ્ય કરતી હોય તેમ તંબુઓની પંક્તિ કંપતી ઉભી હતી. ભાસ્કર પંડિતનું સૈન્ય યુદ્ધની આશંકા વગર નિશ્ચિંત હતું. જગતશેઠ સાથે સંધીની વાતો થાય છે એ વાત કોઇથી છૂપી રહી ન હતી.

પહોર કરતાં પણ કંઇક અધિક દિવસ ચડ્યો હશે. જગતશેઠ અને અલીવર્દી–ખાં પોતાની છાવણીમાંથી બ્હાર નીકળ્યા. જગતશેઠે અલીવર્દી–ખાં સામે જોયું. તેની આંખો નીસાથી લાલ બની હોય અને સુકા ઓઠને પળે પળે પીસતો હોય એમ લાગ્યું. યુદ્ધના મેદાનમા રૈયતની શાન નિદ્રા ન ભાગી હોય એવી જગતશેઠે કલ્પના કરી.

બંગાળના બન્ને ભાગ્યવિધાતા આગળ ચાલ્યા. પંડિતની છાવણી પાસે પહોંચ્યા પહેરગીરોએ જગતશેઠને ઓળખ્યા અને સેનાપતિ પાસે જવાનો માર્ગ કરી આપ્યો. પંડિત પણ તૈયાર જ હતો [illegible] અલીવર્દી–ખાં જેવા બંગાળના એક શાસક [illegible] જગતશેઠ જેવો પુરૂષ

" અલીવર્દી-ખાં ! વિશ્વાસઘાતે ? " પાતાળમાંથી કરૂણ અવાજ આવતું હોય તેમ જગતશેઠે કહ્યું.

" મરાઠાઓ મુર્શિદાબાદ લૂંટી ગયા તેની સજા ! " અલીવર્દી અપરાધીની જેમ પોતાના મનની સાથે બબડયો.

આસપાસ બધે શાંતિ હતી. ભાસ્કરને એક ચીસ નાખવા જેટલો અવકાશ મળ્યો હોત તો પણ જગતશેઠ કે અલીવર્દી-ખાં આ દગો-વિશ્વાસઘાત ન રહેત. મરાઠી-સૈન્ય આ વિશ્વાસઘાતથી તદ્દન અજાણ હતું અને તેથી જ સુખી હતું. સમાધાનીની ક્ષણો વીતી ગઈ તેટલામાં જ અલીવર્દી-ખાં દગો રમી ગયો.

માનકરાના મેદાનમાં એ રીતે બંગાળાના નવાબ અલીવર્દી-ખાંએ પોતાનો કલંક-સ્તંભ રોપ્યો. તેની આખી જીંદગીની સફળતા-સાધુતા ઉપર પાણી ફર્યું !

આ ભયંકર વિશ્વાસઘાત જોયા પછી જગતશેઠ ફતેહચંદનું હૈયું બોરાઈ ગયું. અલીવર્દીની સામે ઉંચી આંખ કરીને જોવાની પણ હિમ્મત ન ચાલી. રાજપ્રકરણી કામકાજમાંથી તેમણે સદાને માટે મૌનવ્રત સ્વીકાર્યું. એમણે નિશ્ચય કર્યો કે- " બંગાળના બુરા કામે જ અલીવર્દી પાસે આ ભયાનક જૂલ્મ કરાવ્યો છે. હરી ને શાહિનશાહને તેનું ઝેર ચડયા વિના નહીં રહે. પ્રકરણના પડછાયા આ [illegible] '"

જગતશેઠ, એ [illegible] નહીં. અલીવર્દી-ખાં તે [illegible] મરી ગયો. [illegible] અલીવર્દી [illegible]



જગત શેઠ

...માને કબૂલ થયા ત્યારે જ અલીવર્દી ઓરડાની બહાર નીકળી શક્યો. જમીનદારોએ પોતાના નવાબને છોડાવવા માટે ... મીરાજને તે વેરા આપ્યા તેટલાથી તે સંતોષાયો ... તેણે એક વધારાના કર તરીકે દર વરસે એટલાં જ નાણાં જમીનદારો પાસેથી ઉઘરાવવાનું નવું ધોરણ શરૂ કર્યું. આ ... જૂગપણાનાં લાડ હતાં.

અલીવર્દીના ભાઈ હાજી અહમદે અજીમાબાદ અને પટ-... સુબેદારી ભોગવી હતી. સરફરાજ પછી તેને મુર્શિદાબા-... સિંહાસન ઉપર બેસવાની હોંશ હતી. પણ તે ફળીભૂત ન ... આ પોતાના ભાઈ ઉપર એ કજીયા કરે છે અને પોતાનો ... પુત્ર નહીં તો પૌત્ર બંગાળનો ભાવી નવાબ બનશે ... આશા રાખી રહ્યો.

અલીવર્દી-ખાં પોતાના સ્થાને સીરાજ-ઉદ્દોલાને સ્થાપવાના ... વાત કરેલાં સીરાજની માશીના પુત્રો, મીરજાફર, ... વગેરે વચ્ચે બંગાળની ગાદી માટે હરિફાઈ ચાલી.

સીરાજની રાજનીતિ અને તેના અંગત ચારિત્ર વિષે ઇતિ-... હાસકારોમાં પુષ્કળ મતભેદ છે. કોઈ તેને અતિ દુષ્ટ ... હાથ તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરે છે, તો કોઈ ... તેને નરાધમ કહી વગોવે છે કોઈ કહે છે કે મીરજાફર, ... વિરોધી હતો તેથી અંગ્રેજોએ તેને બદનામ ... કોઈ કહે છે કે [illegible] અને [illegible] ... [illegible] તેથી [illegible] સીરાજની સ્વાભાવિક [illegible] ... [illegible] ... [illegible] ૯૦

... [illegible] કરવાનું [illegible] કરે છે.

એટલું છતાં તે પૂરો વિલાસી, સ્વચ્છંદી અને અભિમાની હતો એ વિષે બહુ મતભેદ નથી. સીરાજના દરેક દુર્ગુણનો બચાવ શોધનારાઓ પણ એ વાતની ના પાડી શક્યા નથી. સામાન્ય દિવસોમાં પ્રજા એ બધું નભાવી લેત. પરંતુ એ સંક્રાંતિનો કાળ હતો. ભારતીય સંસ્કૃતિ પ્રસૂતિની પીડા વેદી રહી હતી. એક તરફ અલીવર્દીનાં સગાંઓ, સીરાજની માશીના પુત્રો, તેમના અધિકારીઓ, પોતપોતાની પસંદગીના નવાબ સ્થાપવા કારસ્થાનો રચતા હતા; બીજી તરફ જગતશેઠ, જમીનદારો અને વેપારીઓનાં દીલ, જૂદાં જૂદાં કારણોને લીધે બેચેન બન્યાં હતાં. એટલામાં સીરાજે ધોળે દહાડે, હુસેનકુલી-ખાં નામના એક સરદારનું મુર્શિદાબાદની શેરીમાં ખૂન કર્યું ! તેનું શબ ખૂરે હાલે શેરીઓમાં રઝળાવ્યું ! પોતાના જ એક પ્રતિનિધિ-જાનકીરામનું તેણે છડેચોક અપમાન કર્યું ! મોહનલાલ નામના એક ગૃહસ્થની બ્હેન-બંગાળમાં જે સૌથી અધિક સુંદરી અને ક્ષીણાંગી મનાતી હતી તેને પોતાના અંતઃપુરમાં આણી, મોહનલાલનું મ્હોં લાલચથી બંધ કરી દીધું. રાણી ભવાની નામની એક બહુ જ પવિત્ર અને પૂજ્ય ગણાતી વિધવાની પુત્રી-તારાને સીરાજે પોતાની શય્યાસહચરી બનાવવાના પ્રપંચજાળ પાથરી તારા વિધવા હતી. તેને આ પ્રપંચની જાણ થતાં ગંગા કિ ચીતા સળગાવી, જીવતી બળી મુઇ ! આ બધા કારણોને સીરાજ બંગાળનું દીલ જીતી શક્યો નહીં.

જગતશેઠ ફત્તેહચંદના બે પૌત્રો મહતાબચંદ પચંદ, રાજપ્રપંચથી અલિપ્ત રહી પોતાના વેપાર .. લક્ષ આપતા હતા. જગતશેઠ ફત્તેહચંદે જ ... દિવસોમાં મૃ... ... કહેલું કે

હવે કોઈથી હાથ દઈ શકાય એમ નથી. અને ત્યાં સુધી તેઓ રાજપ્રપંચમાં માથું ન મારતા."

એ વખતે મોગલ-સલ્તનતનો સૂર્ય અસ્તાચલની છેલ્લી ક્ષિતિજરેખા ઉપર થંભીને ઉભો હતો. મરણપથારીએ પડેલા માણસની દર્દભરી દૃષ્ટિ જેવો તેનો આછો પ્રકાશ, દિલ્હીની ચાર દિવાલો વચ્ચે પુરાઈ રહ્યો હતો. અહમદશાહ અને આલમશાહ, મોગલ સામ્રાજ્યનાં એવાં જ છેલ્લાં બે દીવા હતાં. અબ્દાલીની ઉપરા ઉપરી સ્વારીઓને લીધે એ દીવા પણ ઓલવાઈ ગએલા અંગારા જેવાં બન્યાં હતાં. છતાં એ શહેનશાહો જગતશેઠના પૌત્ર મહતાબચંદને જગતશેઠની પદવીથી સન્માનવાનું ન ભૂલ્યા. મહતાબચંદ જગતશેઠના પદે સ્થપાયા એટલું જ નહીં પણ તેમના ભાઈ સ્વરૂપચંદ શહેનશાહની સ્વેચ્છાથી 'મહારાજા' બન્યા. બંગાળાના પ્રસિદ્ધ જૈનતીર્થ "પારસનાથ ટેકરી" નું સંપૂર્ણ સ્વામીત્વ પણ આજ ભાઈઓને શહેનશાહી ફરમાનથી સોંપાયું હતું. જગતશેઠ મહતાબચંદે ઉત્તર હિંદ જેટલી જ દક્ષિણ હિંદમાં પણ વ્યાપારી પ્રતિષ્ઠા મેળવી હોય એવા કેટલાક ઐતિહાસિક આધારો મળી આવે છે

ઇચ્છાએ કે અનિચ્છાએ પણ તેમને બંગાળાના રાજપ્રકરણમાં તણાવું પડ્યું. મીર જાફર-ઉદ્દૌલાના સમયમાં, આપત્તિના આરંભ જ કેટલાક [illegible] પ્રસંગો વચ્ચેથી તેમને પસાર થવું પડ્યું [illegible] તેમને કેવળ સંપત્તિ જ [illegible] બલિદાન ધરવા પડ્યા.

(૩૮)

સૌભાગ્ય અને સૌંદર્યે જે થોડાઘણાં નામોને ઇતિહાસમાં અમર કર્યાં છે તેમાં એક 'મોતીઝીલ' નો પણ સમાવેશ થાય છે. ઢાકાના નવાબ નવાજેસ મહમ્મદે ખૂબ દ્રવ્ય ખરચી આ મહેલ બનાવ્યો હતો. મોગલ રાજદરબારીઓનો ઉદ્યાન-વિલાસ જગજાહેર છે. નવાજેસે મોતીઝીલના મહેલ તથા ઉદ્યાન પાછળ ઢાકાનો રાજભંડાર ઠલવ્યો હતો. નવાજેસ કરતાં તેની બેગમ-ઘસીટા, ઘણી જ કલાપ્રિય અને ઉલ્લાસભરી હતી. ઘસીટા—બેગમની નારી-હૃદયની કુમાશ આ મોતીઝીલમાં મૂર્તિમંત બની હતી. સાગરે મહેલ કાળા સંગેમરમરનો બન્યો હતો. ઉદ્યાનના ન્હાના-મ્હોટા અસંખ્ય ઝરણો ઘડીનો પણ થાક લીધા વિના વસંતઋતુના સ્વાભાવિક સૂર આલાપતાં. કુંજો અને લતામંડપોમાં બારે માસ વસંત વિહરતી. રાત્રીએ ન્હાની મ્હોટી દીપમાળા પ્રકટતી. સુગંધી ધૂપથી દશે દિશાઓ ઉભરાતી અને ઉદ્યાનમાં ઠેર ઠેર ખીલેલાં પુષ્પોની સુવાસ મહેકતી ત્યારે "મોતીઝીલ" માં માનવીનો વાસ હશે કે વાર્તા-માંની પરીઓનું નિવાસસ્થાન હશે એવો પ્રશ્ન ઉદ્ભવે.

૧૦૭ નવાજેસ ઢાકાનો નવાબ હતો, પણ તે રાજવલ્લભ ઉપર કારભારનો બધો ભાર સોંપી નિશ્ચિંત બન્યો હતો. નવાજેસ

[illegible], જગતશેઠ [illegible] ગીજાના અંકાર જેવા [illegible]

[illegible]

[illegible] તો નવાબની [illegible]
[illegible] આવતા સાથેથી ચાલી આવતી હતી.
[illegible] જગતશેઠને થયું કે 'ઓતી-જીત' [illegible]
[illegible] અધિકારી પણ [illegible]
[illegible] ગઈ હતી, છતાં તેના [illegible]
[illegible] કર્યો. ગોવાળના [illegible]
[illegible] વિવિધ [illegible]
[illegible] આપતા. [illegible]
[illegible] પ્રેમમાં [illegible]
[illegible] હતાં [illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

"બંગાળના આપ એક દિલચિનક છો, શહેનશાહતના પણ એક મદારથી છો; છતાં નજર સામે ગુજરતા જન્વાબો સંધી તો એને આશ્ચર્ય કહેવું કે કમનસીબી કહેવી એ સમજાતું નથી." બેગમ પ્રશંસાની સાથે સ્નેહમિશ્રિત ઠપકો આપતી હોય એમ બોલી.

મહતાબચંદે બાદશાહી રંગમહેલનાં રહસ્યો માત્ર કાનેથી સાંભળ્યાં હતાં. આવા માયામંદિરોમાં આવતાં પહેલાં કેવાં અનેક કવચ પહેરવાં પડે તે તેમને સમજાયું. સ્નેહ, પ્રીતિ, પ્રશંસા અને ઠપકાના જે જે તીર છૂટે તે ઝીલવા તેઓ સવિશેષ સાવધ બન્યા.

"સીરાજની આ હેવાનીયત ક્યાં જઈ અટકશે તે કંઈ કહી શકશો ?" બેગમ જાણે પોતાના આત્મીય પાસેથી આગ્રહ કરીને જવાબ માગતી હોય તેમ મહતાબચંદ સામે તાકી રહી.

"એ બિચારો હજી નવો નીશાળીયો છે. અલીવર્દી-ખાંના ઉપદેશ પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરે છે. પડતો, આખડતો પણ રાજધુરા ઉપાડશે અને આપના જેવાં સગા-સ્નેહીઓની સહાય હશે તો કાલે બધું થાળે પડી જશે. હજી ગઈ કાલ સુધી જે માતામહના ખોળામાં બેસી લાડ જ લડ્યો છે, સ્વાર્થીઓના સહવાસે મોજ મોજશોખ જ શીખ્યો છે, તેની પાસેથી આપણે વધુ શી આશા રાખી શકીએ ? સુધરવાની તક તો આપણે આપવી જોઈએ ને ?" જગતશેઠ મહતાબચંદે નિષ્પક્ષભાવે ઉચ્ચાર્યું.

"તમને અત્યારે આશાવાદ સૂઝે છે ! અને તમે જેને આવતી કાલ માનો છો તે એક મહિના પછી ઉગે કે એકસો વરસ પછી ઉગે તેની ચિંતા તમારે શાસ્ત્રે રાખવી જોઈએ ?

તમારા કરોડોના વેપારમાં એક પાઇનીયે ખોટ જતી હોય અને આશાવાદના શિખર ઉપર આમ નિશ્ચિતપણે ઉભા રહો તો હું તમને શાબાસ કહું ! ભલેને ભલભલી કૂળવધુઓની લાજ લુંટાય, ભલે મુર્શિદાબાદની શેરીઓ વગરકારણે લોહીથી છંટાય, ભલે આકાશ–પાતાળ એકાકાર થઇ જાય; તમારી પેઢીઓ સહિસલામત રહે ત્યાંસુધી દેશની કે રાજ્યની તમને શું પડી હોય ? તમારી ઉપર દેશની શાંતિનો આધાર છે એમ માનવામાં અમે જ ભૂલ કરી હતી, એમજ ને ? ” કૂશળ નટને પણ શરમાવે એવી છટાથી ઘસીટા–બેગમે વ્યર્થ આક્રોશનો અભિનય શરૂ કર્યો. મહતાબચંદ કંઇક બોલવા જતા હતા, પણ ગમે તે કારણે ગળામાં શોષ પડયો. જે વખતે ચોતરફ ન્હાની મ્હોટી રાજ્યક્રાંતિઓ ચાલતી હતી તે વખતે પણ જગતશેઠની પેઢીની આબરૂ અખંડ રહી શકી હતી, એટલું જ નહીં પણ પરદેશી વેપારીઓ જગતશેઠને વેપારીઓના એક ચક્રવર્તી જેવા જ સમજતા, એ વાતનો ઇન્કાર કરી શકાય એવી સ્થિતિ ન હતી. ઘસીટા–બેગમે જગતશેઠના બરાબર મર્મભાગ ઉપર જ ઘા કર્યો હતો. એમને એ વખતે એ વિચાર આવ્યોઃ બેગમને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દેવું કે ‘ હું આ રાજકારણમાં મુદ્દલ ભાગ લેવા નથી માગતો ’ અથવા તો ‘ સીરાજ અને પેઢીના વ્યાપાર એ બે સ્વતંત્ર વસ્તુ છે ’ એવી મતલબનો ફોડ પાડવોઃ પણ [illegible] રાખવાની વૃત્તિએ અંતે જોર કર્યું.

જગતશેઠને [illegible] ઘસીટા વધુ આશાવંત અને મક્કમ [illegible] ની મદદ લેતા તેણીએ કહ્યું:— ‘ સીરાજ [illegible] લાગે છે તો શું અમે આકાશમાંથી [illegible] ઉપર આવી પડયાં છીએ ? હું પણ [illegible] ની અને લાડીલી પુત્રી હતી

એ છું. હું પુત્રીરૂપે જન્મી એ જ મારો વાંક અને એ વાંકની મૂર્ખ સીરાજ અમારા ખજાના લૂંટે, અમારાં માણસોને કેદખાના મ્હેલે રહેંસી નાંખે અને એમ છતાં આપના જેવા મ્હોટા ફકીરોના પેટનું પાણી પણ ન હાલે !" આટલું કહેતાં બેગમની પાંપણો આંસુથી ભીંજાઇ. તેના પતિનો ફરી સીરાજે પૈસાના લોભે લુંટ્યો હતો અને બેગમના કેદના એક વિશ્વાસુ કારભારીનો શિરચ્છેદ કર્યો હતો એ બન્ને ઘટનાનું સ્મરણ થતાં તેને રોવું આવ્યું.

આક્રોશ અને અભિમાન જ્યાં નિષ્ફળ નીવડ્યા ત્યાં આ આક્રંદે વિજય વર્તાવ્યો ! મહતાબચંદની સહાનુભૂતિ પીગળવા લાગી.

"નવાબોને બંદગી, ખેરાત અને મીન મેવાના ક્ષેત્રમાંથી ખેંચી, બંગાળની મસનદ ઉપર બેસારવો એ તેની ઉપર જુલમ કર્યા જેવું નથી ? એવા ફકીર પુરૂષથી અત્યારના વિકટ સંયોગોમાં પણ મ્હોટા પ્રાંતોનો કારભાર થઇ શકશે ? એનું હૃદય પુષ્પ જેવું કોમળ છે, પણ વજ્ર જેવો હાથ જોઇએ કે જે [illegible] લાવશે ?" મહતાબચંદ, ઘસીટા-બેગમના પતિ નવાજેશ મહમદને ઓળખતા હતા. એની ઉદારતા, આતિથ્યસેવા ફકીરો અને સાધુ-સંતોના પેર પેર ગવાતી હતી. તે રાજ્યનું તંત્ર પણ બરાબર ચલાવી શકતો નહીં, તેથી જ તે રાજ્યની મુશિદાબાદમાં આવીને રહ્યો હતો. સાધુઓ, ફકીરો, સિદ્ધોની સેવાભક્તિમાં જ તે પોતાના દિવસો ગાળતો.

"[illegible] નથી, તમારા અને મારા જેવા જ [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] છે કે નહીં ?" [illegible] [illegible]

હતા તે ભેદ ખુલ્લો થયો. મહતાબચંદ દિલ્હીના શહેનશાહને ભલામણ કરીને બંગાળની નવાબીનો પરવાનો મેળવી આપે એ સિવાય આ મંત્રણાનો બીજો કંઇ અર્થ ન હતો.

"પૂર્ણીયાનો શૌકતજંગ પણ એજ ખટપટ કરી રહ્યો છે, સીરાજ, શૌકત અને નવાજેસ એવા ત્રણ પક્ષો પડી જશે. દારૂડીયાના દાવ જેવી રમત મંડાશે. એમાં કોઇનું ભલું નહીં થાય." મહતાબચંદે પોતાનો અભિપ્રાય આપ્યો.

"ખરૂં, પક્ષોથી બ્હીવાનું નથી." દિવાલ પણ ન સાંભળી શકે એટલી ધીમાશથી બેગમે કહ્યું: "આપણો પક્ષ જેટલો બળવાન છે તેટલો બીજા કોઇનો નથી. જાણો છો કે ઢાકાનો અમારો રાજવલ્લભ, છ છ મહિના થયાં કેટલી અને કેવી તૈયારીઓ કરી રહ્યો છે? એનો સગો ભાઈ આજે કલકત્તામાં જઇ વસ્યો છે. ત્યાં તે અંગ્રેજોની મદદ મેળવશે. સીરાજ એને પકડવા માગે છે; પણ કૃષ્ણવલ્લભ પકડાતાં પહેલાં તો સીરાજ પોતે જ જંઝીરોથી જકડાઇ અંધારા ભોંયરામાં જઇ પડ્યો હશે!" સૂર્યનો પ્રકાશ ન પહોંચી શકે એવા એક અંતઃપુરમાં વસનારી બાઇ આટલા ઊંડા પાણીમાં રમે છે એ જોઇ જગતશેઠ મહતાબચંદ દિગ્મૂઢ બન્યા. બંગાળની મસનદની આસપાસ કેટકેટલાં કાવતરાં રચાઇ રહ્યાં છે તેનું તેમને ભાન થયું.

"બોલો, તમે શું સાથ આપશો? શહેનશાહનું ફરમાન લાવી આપશો?" એટલું કહી ઘસીટા ચૂપ રહી.

મહતાબચંદ મુંઝાયા. તેઓ સીરાજને માટે નહીં, પણ પૂર્ણિયાના શૌકતજંગ માટે નવાબીનો પરવાનો મેળવવાના વિચારમાં હતા. ઘસીટા—બેગમ, કલકત્તાની કોઠીવાળા અંગ્રેજો

મઝ મેળવી રહી છે એ જાણ્યા પછી શીઠન અને નવાબજેમ બન્ને કેમે પસંદગી આપવી એ એક મુંઝવણ ઉભી થઈ.

"એવું બની શકે: હું સામે જઈને કોઈને માટે શહેન-શાહનું અપમાન ન કરું. સીરાજને માટે નહીં તેમ શીઠન માટે પણ નહીં." જગતશેઠે વચલો તોડ કાઢ્યો.

"તમારે અમને અંદર અંદર લડાવી મારવા છે, એમજ કહી નાખોને!" મોતીઝીલની અધિષ્ઠાત્રી જરા ભીષણ રૂપ ધરી રહી.

મહતાબચંદ એ વિષે બેદરકાર રહ્યા. ખટપટનાં આટલાં બધાં મૂળ ઉતર્યાં હોય ત્યાં આંતરવિગ્રહ અનિવાર્ય છે, એમ સમજતા છતાં તેમણે વાતને સ્હેજ પલટાવી:



"પણ સબળ પક્ષને પરવાનાની પરવા શા સારૂ હોય? દિલ્હીનો શહેનશાહત અને તેનો પરવાનો એ બધું પૂછવા કે જાણવા લોકો શું નવરા બેઠા છે? સૌ સમજે છે કે શહેન-શાહનો પરવાનો કેવળ કાગળને જ શોભાવવા પુરતો છે. પ્રજાની મમતા જેની ઉપર ઉતરે તે વગરપરવાને પણ બંગાળનો નવાબ બની શકે છે."

"ઠીક છે. સીરાજને માટે પરવાનો નહીં મેળવો તો પણ અમારે મન તમે અમારા જ છો એમ માનશું." ઘસીટા કાંઈ હવા ગળા નીચે ઉતારતી હોય એમ બોલી અને અક-ળામણ તથા ઉશ્કેરાટને લીધે થાકી ગઈ હોય તેમ પાછળ રહેલા ઉંચા તકીયા ઉપર માથું નાખ્યું. દીપમાળાના સીધા પ્રકાશે તેના અમિત વદન અને આભરણોને વધુ ઝલકદાર બનાવી નાખ્યા

જગતશેઠ મહતાબચંદ અને મહીસા-બેગમનો તે દિવસનો વાર્તાલાપ એ રીતે પુરો થયો; પણ તે પછી જગતશેઠ [illegible] શાંત થયા. દિવસો વહેતા ગયા તેમ તેમ [illegible] [illegible] તેમની પાછી પ્રકટ થતા ગયા. શૌકતજંગ પૂરી રીતે સિરાજ વિરુદ્ધ પડ્યો હતો. રાજવલ્લભ પૂરી રીતે [illegible] [illegible] કર્યો હતો. મીરજાફર [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

(૧૫)

એ દિવસોમાં એક સાંજે, કલકત્તા તરફથી એક હોડી [illegible]ના ઘાટ પાસે આવી ઉભી રહી. થોડીવારે અંદરથી એક માણસ ઉતર્યો. ઘાટ ઉપર બહુ ભીડ ન હતી. [illegible] હતો તેમ ઘાટ ઉપરનાં સ્ત્રી-પુરુષો ઝટ ઝટ ઘર તરફ જવાની તૈયારી કરી રહ્યાં હતાં. આ નવા આગંતુકને [illegible] ઉતાવળ ન હોય એમ તે પાછો હોડી ઉપર ગયો અને [illegible] કોઈ વસ્તુ રહી ગઈ હોય તેમ પોતાનો સામાન તપાસવા [illegible]. ક્યાંય સુધી તેણે એકની એક ચીજ ઉંચી-નીચી કરી [illegible] ઘાટ નિર્જન થયો અને અંધારામાં [illegible] કોઈ [illegible] નહિ એમ લાગ્યું ત્યારે તેણે ઘાટ ઉપર ફરીવાર [illegible] અને સંકોચાતા [illegible] આગળ વધ્યો.

એ મુસાફર માનતો કે અહિંમપુરમાં કે [illegible] કોઈ ઓળખતું નહીં હોય, પણ [illegible] તેને [illegible] ઓળખાવતી [illegible]

[illegible]

કોઇ એમ પણ માનતું કે " સીરાજને ગાદી ઉપરથી ઉઠાડવા માટે જ તે આવ-જા કરે છે અને અંગ્રેજી પેઢીનો પગાર ખાય છે."

આજે તો એ અનિશ્ચિત અફવાઓનો ઉકેલ ઇતિહાસે કરી નાખ્યો છે. એ મુસાફરનું ખરું નામ ઉમાચરણ. નિશાળના વિદ્યાર્થીઓ તેને અમીચંદના નામે ઓળખે છે. મૂળ તો એ પંજાબનો વતની હતો. પણ વેપાર ધંધાને લીધે કલકત્તામાં આવી વસ્યો હતો. કેટલાકોએ તેને જ જગતશેઠ તરીકે ઓળખાવી જૈન જગતશેઠ–મહતાબચંદ અને ફતેહચંદ વગેરેના નિર્મળ જીવન ઉપર મેશ ભૂંસી છે. કેટલાકોએ "અમીચંદ" ના મિત્ર "માણેકચંદ" ને જગતશેઠ માની જૈન જગતશેઠ વિષે ખોટાં આળ ફેલાવ્યા છે આ માણેકચંદ વસ્તુતઃ અલીનગર (કલકત્તા)નો એક ફોજદાર હતો. પાછળથી તે અંગ્રેજોના પક્ષમા જઇ મળ્યો હતો. એ માણેકચંદ જુના ગ્રંથોમા મહારાજ માણેકચંદ તરિકે પ્રસિદ્ધ થયો છે.

ઉમાચરણ અથવા અમીચંદના સંબંધમા જે પ્રમાણભૂત હકીકતો મળી આવી છે તે જોતાં તેને ખરેખર કે સામાન્ય વેપારી કહી શકાય નહીં. ફ્રેંચ મુસાફર ઓર્મ કહે છે કે તેનું વિશાળ મકાન એક રાજમહેલના ઉપમાને યોગ્ય હતું. તેની અંદર સેંકડો ઓરડાઓ હતા. તેના બગીચાઓમા ફુલઝાડ પાર વિનાનાં ઉગતાં અને હથીઆરબંધ [illegible]. તેના મકાનની આસપાસ અહોનિશ પહેરો ભરતા. અંગ્રેજોએ પણ શરૂઆતમાં તેને એક મહારાજા જ માનેલો. આ પ્રમાણે વૈભવસંપન્ન હોવા છતાં તે અંગ્રેજોના આશ્રયે જઇ રહ્યો. અંગ્રેજોના અભ્યુદયમાં પોતાનો અભ્યુદય સમાયેલો છે એમ માનવા લાગ્યો. "ધનની અપાર તૃષ્ણા" સિવાય એ વર્તનનો બીજો કોઈ રીતે ખુલાસો થઇ શકતો નથી.

ઈશ્વરકૃપાને આવનો જોઈ જગતશેઠ સ્હેજ લેવાયા. કાને અનિષ્ટને યોગ્ય ઠંડા આવકારના શબ્દો તેમના મ્હોં-માંથી સરી પડ્યા. અમીચંદના સંદેશમાં લોહીઉકાળા વિના બીજું શું હોય, એમ તેમને થયું. પહેલાંની જેમ તે આજે સેવકો અનુચરોની નજર ન પડે એવી રીતે ચોરી છૂપીથી આવ્યો હશે તેમ તેનું ભયગ્રસ્ત મ્હોં કહી આપતું હતું.

"કિલપેટ્રિક સાહેબે કહેવરાવ્યું છે કે હવે બધો આધાર આપની ઉપર છે. નવાબને સમજાવી શાંત કરવા એ આપના સિવાય બીજા કોઈથી બની શકે એમ નથી." અમીચંદે કોઈ પણ જાતની પ્રસ્તાવના વગર, કલકત્તાની કોઠીવાળા અંગ્રેજ અમલદારોનો સંદેશ સંભળાવ્યો.

"બે વરસ પહેલાં એમ હતું. કિલપેટ્રીક સાહેબને કહેજો કે હવે જગતશેઠનું તો માત્ર ખોળીયું જ રહ્યું છે, અંદરનો આત્મા ઉડી ગયો છે. ખોજા વાજીદ કે મહારાજા માણેકચંદથી ન બન્યું તે જગતશેઠથી બનવું અશક્ય છે. સીરાજ અત્યારે ઘવાયેલી સિંહણની જેમ છંછેડાયો છે. કલકત્તા અને કાસીમબજારની વાત દૂર રહી, આવતી કાલે મુર્શિદાબાદ કે અજીમાબાદની શી દશા થશે તે પણ કોણ કહી શકે તેમ છે? સીરાજને પાકો વ્હેમ ગયો છે કે અંગ્રેજો, સીરાજના દુશ્મનોને મદદ આપી રહ્યા છે. આવી સ્થિતિમાં અંગ્રેજોની વકીલાત કરવી એ સીરાજનો કોપ વિના કારણે વ્હોરી લેવા બરોબર છે." જગતશેઠે ... શબ્દોમાં સંભળાવી દીધું.

"અંગ્રેજ ... ... દાબવી સીરાજ, બંગાળની મસનદ કેટલા ... ... કરશે!" અમીચંદે અંગ્રેજની વકીલાત આદરી.

શ્રુ અમીચંદ કંઈ ન્યાય તોળવા ન્હોતો આવ્યો. એની મો કમ્બોદનાં પડઘ ફરી વળ્યાં હતાં. અંગ્રેજ પેઢીનો વ્ય કરી શક્યો નહીં. કહ્યું:

"અંગ્રેજો વેપારીઓ છે. એમનું હિત જળવાશે તો ણાં વેપાર-ઉદ્યોગ અધિક પ્રમાણમાં ખીલશે. આ નવાબો સુબાઓનો શો ભરૂંસો રાખી શકાય ?" અમીચંદે ી વાતનો ગૂઢ મર્મ ઉકેલ્યો.

"એ આંક હું નથી ભણ્યો. એક વેપારી બીજા વેપારીનું ચિંતવે એ માત્ર મ્હોંઢાની વાતો છે. અને વિદેશી ઓ આ દેશના વેપારીઓનું કલ્યાણ કરે એ તો કસાઈ, ો બકરાનું કલ્યાણ ચિંતવે એના જેવું છે. પણ એ તો નહીં, સૌના ભાગ્ય સૌની પામે છે."

જગતશેઠ મહતાબચંદ આજે ઘણા દિવસે પોતાનું યથાર્થ રૂપ દર્શાવતા હોય એમ અમીચંદને લાગ્યું ઉદાસ, ચિંત અને તટસ્થ જેવા લાગ્યા [illegible] ાજ સાંભળ્યો હોય [illegible] ી તેની પર છ [illegible]

અમીચંદ [illegible] નિશ્ચા ઉપ [illegible] [illegible]

" [illegible] [illegible]

ઈ આ કવ્યમોરનાં પકળ ફરી વળ્યાં હતાં. અંગ્રેજ પેઢીનો વેપાર કરી શક્યો નહીં. કહ્યું:

"અંગ્રેજો વેપારીઓ છે. એમનું હિત જાળવીશું તો આપણો વેપાર-ઉદ્યોગ અધિક પ્રમાણમાં ખીલશે. આ નવાબો અને સૂબાઓનો શો ભરૂંસો રાખી શકાય !" અમીચંદે આખી વાતનો ગૂઢ મર્મ ઉકેલ્યો.

"એ આંક હું નથી ભણ્યો. એક વેપારી બીજા વેપારીનું હિત ચિંતવે એ માત્ર મ્હોંઢાની વાતો છે. અને વિદેશી વેપારીઓ આ દેશના વેપારીઓનું કલ્યાણ કરે એ તો કસાઈ, કેડા કે બકરાનું કલ્યાણ ચિંતવે એના જેવું છે. પણ એ તો જેવું થશે, સૌનાં ભાગ્ય સૌની પાસે છે."

જગતશેઠ મહતાબચંદ આજે ઘણા દિવસે પોતાનું યથાર્થ સ્વરૂપ દર્શાવતા હોય એમ અમીચંદને લાગ્યું. ઉદાસ, ચિંતાતુર અને તટસ્થ જેવા લાગતા જગતશેઠે અકસ્માત્ આત્માનો અવાજ સાંભળ્યો હોય અને તેનો જ અનુવાદ કરતા હોય એવી તેની પર છાપ પડી.

અમીચંદ બોલી ઉઠ્યા, "એ વાત બરાબર છે. પણ હું પ્રતિજ્ઞા ઉપર કહું છું કે અંગ્રેજો આપના પ્રત્યે બહુ જ માન અને શ્રદ્ધાની નજરે જુએ છે. વાતવાતમાં આપનું નામ બોલે છે અને તેના ઉપર જ બધું નિર્ભર છે."



"અમી[illegible] તમને આટલું જ શીખવી રાખું છું કે શબ્દોની [illegible] નહીં દેખે. આપણે તો વસ્તુ

ઓના વ્યાપાર કરીએ છીએ, પણ આ ગોરા વેપારીઓ વાક્યોના વેપાર કરી જાણે છે. તમે કહો છો તેમ જો મારી ઉપર જ આધાર રાખતા હોય તો મારા પગ ઉપર જ પેઢીના અમલદારો કુહાડો ઉગામી રહ્યા છે એ વાત માની શકશો?"

જગતશેઠના આ શબ્દો સાંભળી અમીચંદ ચમક્યો. "આપને કોઈએ ખોટી બાતમી આપી છે. અંગ્રેજો આપને પોતાના જ સમજે છે."

"તમે મને મ્હોમાં આગળ નાખીને બોલાવો છો, તમારા કલકત્તાના ગવર્નર હોલ્વેલ સાહેબ મુર્શિદાબાદની [illegible] ટંકશાળ [illegible], તેને બદલે પોતાની ટંકશાળ કલકત્તામાં સ્થાપવા હિન્દના શાહેનશાહ માથે સંદેશા ચલાવી [illegible] અમને એકને [illegible] નથી [illegible] પણ [illegible] કે અમારે [illegible] અંગ્રેજોની [illegible] ચાલે [illegible] હિન્દના [illegible]

[illegible] અંગ્રેજ [illegible]

[illegible] અને [illegible]

[illegible]

"[illegible] એ મને મારું બધું વજન અંગ્રેજોના છાબડામાં [illegible] [illegible] છું." જગતશેઠે કહેવા માંડ્યું, "પહેલાં તો [illegible] [illegible] તોડી નાખવો, બીજું નવાબના દુશ્મ- [illegible] કે કાસીમબજારમાં આશ્રય ન આપવો, અને [illegible] કંપનીના માણસો પરવાનાના નામે પ્રજાને છેતરે [illegible] છે એ બંધ કરવું. આ સરત કબુલ હોય તો [illegible] સમજાવવાનું સાહસ કરું." જગતશેઠે પોતાનો [illegible] સંભળાવ્યો.

"[illegible] સીરાજ કેટલા દિ ટકવાનો હતો ?" અમીચંદે [illegible] જોયું. સદ્ભાગ્યે તેની વાત સાંભળનાર બીજું કોઈ [illegible].

"[illegible] ખટપટમાં હું પડવા નથી માગતો. બાકી તમે એમ [illegible] કે સીરાજ ટુંક બેસો ઉઠી જશે અને એને [illegible] [illegible] જ ખબર નથી; તો એ તમારી ભૂલ છે. [illegible] [illegible] કરે છે. અને હમણાં હમણાં તો તે [illegible] સાવચેત બની ગયો છે કે દારૂ ને માનવાનને પણ [illegible] આપી બેઠો છે તે પોતાની સ્થિતિ બરાબર સમજે [illegible]" જગતશેઠે પરિસ્થિતિનો [illegible] ખ્યાલ આપતાં કહ્યું.

[illegible]

[illegible]

समय

शो

ठ

११४

સીરાજ આજે સળગતા દાવાનળની વચ્ચે બેઠો હતો. તેને કોઈ અંતરનું સગું ન હતું, તેમ કોઇ મિત્ર પણ ન હતો. અલીવર્દી–ખાંએ મૃત્યુશય્યા ઉપર સૂતાં જે સલાહ આપી હતી તે હજી તેના કાનમાં ગુંજી રહી હતી. કમનસીબે એ સલાહ પ્રમાણે ચાલવાનો તેને અવકાશ ન મળ્યો. સ્નેહીઓના જુલમ સહવાને તે તૈયાર હતો, પણ એ સ્નેહીઓ સીરાજના લોહીના તરસ્યા હશે એમ તેને ન્હોતું સમજાયું. તેની માશીનો દીકરો ભાઇ શૌકત પૂર્ણિયામાં રહીને વિપ્લવ જગાવી રહ્યો હતો. સીરાજ એકલે હાથે આ બધા શત્રુઓની સામે શી રીતે થઇ શકે ? આજે તો તેણે નિશ્ચય કર્યો હતો કે " શક-દાર માત્રને કાંટાની જેમ ઉખેડીને દૂર કરવા. "

" છ-છ મહિના થયાં, દિલ્હીનો પરવાનો મેળવવાનો તમે કંઇ પ્રયત્ન નથી કર્યો. " સીરાજને પરવાના વિના કંઇ અટકી રહ્યું ન હતું. પરવાના વિના પણ તે બંગાળનો નવાબ હતો. પરવાનામાં એવી કોઇ ગુપ્ત શકિત ન હતી કે સીરાજને દાવાનળમાંથી બચાવી લે; પરંતુ હવે તે મુસદ્દી બનવા માગતો હતો. જગતશેઠ ઉપર ખુલ્લો આક્ષેપ મૂકવાને બદલે આડકતરી રીતે તેમને અપરાધી ઠરાવવાની અને ન્યાયનું નાટક ભજવવાની યુકિત વાપરી.

એ વખતે બીજો આલમગીર દિલ્હીની ગાદીએ હતો પણ તે વૃદ્ધ અને નબળો હોવાથી મહમ્મદશાહની વિધવા રાજતંત્ર ચલાવતી. યુવાન વજીરો જનાનખાનાની ખટપટને ભોગ થઇ પડયા હતા. પંજાબ અને રોહિલાની રૈયત મરાઠા તેમજ અબ્દાલ્લીના જુલ્મોથી રીબાતી હતી. પાણીપતના યુદ્ધની ભૂમિકા ધીમે ધીમે તૈયાર થતી હતી. આ સ્થિતિમાં બાદશાહને બંગાળની શી પડી હોય ? જગતશેઠ, સીરાજને

શહેનશાહની છિન્નભિન્ન સ્થિતિ સમજાવી પરવાનાના વિલંબ માટે બચાવ કરવા માગતા હતા. તેમણે કહ્યું: " આજે પરવાના ઉપર સહી કરવા જેટલો સમય શહેનશાહ પાસે નથી. જૂની મુશ્કેલીઓ તૂટતી જાય છે. બળ અને બુદ્ધિ હોય તો પરવાનો પડ્યો છે!"

સીરાજ એ બધું સમજવા જેટલું ધૈર્ય ખોઇ બેઠો હતો: સમજવા પણ બ્હાનો માંગતો. ઘસીટા બેગમ, રાજવલ્લભ, શૌકતજંગ અને અંગ્રેજોની હીલચાલના ભણકાર તે સાંભળી ચૂક્યો હતો. જગતશેઠના ખુલાસાથી તેને સંતોષ ન થયો. હજી થોડા દિવસ ઉપર જ શૌકતજંગે, પૂર્ણિયાથી એક પત્ર લખી સીરાજને કઠોર શબ્દોમાં સૂચવેલું કે:—

" બાદશાહી સનદ મેળવી હું જ બંગાળ, બિહાર ને ઓરીસાનો નવાબ બનવાનો છું. તું મારો કુટુંબી છે એટલે તને સાવચેત કરું છું. તારો જીવ લેવાની મને મુદ્દલ ઇચ્છા નથી. પૂર્વ-બંગાળના કોઇ ગામડામાં શાંતિથી જીવવું હોય તો મારી ના'નથી. તને અન્ન તથા લૂગડાં પૂરાં પાડવાને હું બંધાવું છું. બાકી તીજોરીમાંથી એક પાઈ લીધા વિના, આ પત્ર વાંચી નાસી જજે. વખત વીતાવવાનો નથી. આગળામાં પગ હજુ છે. પેંગડામાં પગ મૂકું એટલી જ વાર છે."

શૌકતજંગને આવો પત્ર લખવા કોણે પ્રેર્યો અને તેને સનદની આશા કોણે આપી, એ જગતશેઠ કે મંત્રીમંડળમાંથી કોઇ નક્કી કરી શક્યું નહીં. સીરાજે માની લીધું કે જગતશેઠની સમ્મતિ વિના શૌકત એકલો આવું સાહસ ન કરી શકે.

તેણે તત્કાળ આવેશમાં આવી જગતશેઠને ઉદ્દેશી કહ્યું.

"હું માનું છું કે તમે ઇરાદાપૂર્વક મારા માટે પરવાનો નથી મેળવ્યો. એ ઉદ્દતાઇ બદલ હું તમારો ત્રણ કરોડ રૂપીઆ દંડ કરૂં છું."

મંત્રીઓ અને જમીનદારો દંડનો આંકડો સાંભળતાં જ વજ્રાહત જેવા બની ગયા. જગતશેઠ જેવા પુરૂષોને જ્યાં આ રીતે સજા થાય ત્યાં પછી બીજું કોણ સુરક્ષિત રહી શકે?

જગતશેઠને દંડની રકમ બંગાળની રૈયત પાસેથી જ મેળવવાની હતી. જમીનદારોનું છેલ્લું ટીપું ચૂસવું પડે તો પણ સીરાજ સમ્મત હતો; છતાં જગતશેઠે એ દંડનો પ્રતિકાર કર્યો: "મારો પોતાનો દેહ બચાવવા હું રાંક રૈયતને પીડવા નથી માગતો. મારો અપરાધ લાગતો હોય તો તેને માટે હું એકલો સજા સહન કરવા તૈયાર છું."

"દંડ ન ભરવો હોય તો તમે અત્યારથી જ મારા બંદીવાન છો." જુગારીના છેલ્લા દાવની જેમ સીરાજ તાડૂક્યો.

મંત્રીઓ અને જમીનદારોની છેલ્લી આશા ઝાકળના બિંદુની જેમ અદશ્ય થઇ. સીરાજના પક્ષકારો પણ આ વાત સાંભળી કંપ્યા. જગતશેઠને સજા એ સમસ્ત જમીનદારો અને પ્રતિષ્ઠિત વેપારીઓના નાક કાપવા જેવો ભયંકર પ્રસંગ હતો. હવે કોઇને શંકા ન રહી કે સીરાજ પોતે જ પોતાની કબર ખોદી રહ્યો છે.

મીરજાફર આ વખતે મૌન બેસી રહ્યો હોત તો પલાસીના યુદ્ધની લીલા કદાચ મુર્શિદાબાદમાં જ ભજવાત. તેણે જોયું કે જગતશેઠ અને જમીનદારો ઉપર ઉપકાર કરવાનો અને એ

[illegible] પોતાનું મહત્વ સ્થાપવાનો આ લાગ જતો કરવા જેવો [illegible] જગતશેઠનો કારાવાસ બંગાળની પ્રજાને કેટલો સંક્ષુબ્ધ [illegible] તેની કલ્પના તે કરી શકતો.

"જગતશેઠ જો બંદીખાને પડતા હોય તો મીરજાફર [illegible] કહે છે કે બંગાળના નવાબને આ હાથ કે [illegible] સ્વપ્નમાં પણ સહાય નહીં કરે." મીરજાફરે [illegible] સહિત સમશેર સીરાજ પાસે ધરી દીધી.

[illegible] દિશામાંથી ઝટકો પડ્યો હોય તેમ સીરાજ [illegible] લંબાવેલો પગ પાછો ખેંચવા તે વિમાસણમાં [illegible] પોતે નવાબ છે અને નવાબનું ફરમાન વજ્રલેપ જેવું જ [illegible] એણે એ આજ્ઞાનો ઉલ્લંઘ કરી શક્યો નહીં. મીરજા-[illegible] એક સભા અને સીપાહસાલારની ખાતર તે જગત-[illegible] જ નહીં, પણ બંદીખાનાના બધા કેદીઓને છોડવા [illegible] પણ જો અત્યારમાં એમ કરે તો પોતે કેટલા [illegible]

"[illegible] પાછી લો. જગતશેઠ [illegible] હોય [illegible] હું તેમના બધા અપરાધો માફ કરી દઉં." મીરજાફરને [illegible] ઇસ્લામના [illegible]

"[illegible]" [illegible]

[illegible]

જોઇ લેવાશે." કંટાળીને સીરાજે કહ્યું. તે દિવસનો એ રીતે વિસર્જન થયો.

જગતશેઠને સીરાજે પોતાના મહેલમાં સુખપૂર્વક પણ મુર્શિદાબાદ, મહિમાપુર અને ઢાકામાંથી જે આવ્યા તેથી સીરાજ નિરાંતે ઉંઘી શક્યો નહીં. જમીનદારો એકી સાથે કદાચ આવતી કાલે જ બળવો પુકારે એમ લાગ્યું.

મધરાતે તેણે મીરજાફરને બોલાવવા માણસ મોકલ્યું. પણ મીરજાફર ન આવ્યો. તેણે કહેવરાવ્યું: "સીરાજનો શો વિશ્વાસ?"

એટલું છતાં સીરાજ ક્રોધથી ગાંડો ન બન્યો. તેને બગડેલી બાજી સુધારવાની હોંશ હતી. "નવાબી" નું મિથ્યાભિમાન મૂકી તે એકલો પાલખીમાં બેસી "જાફરાગંજ" માં ગયો. જાફરાગંજ મુર્શિદાબાદનો જ એક ભાગ હતો. "હીરાઝીલ" ની જેમ "જાફરાગંજ" પણ બંગાળના ઇતિહાસનું એક નામચીન અવશેષ છે. મીરજાફરે અહીં પુષ્કળ પૈસો ખરચી પોતાનો મહેલ બનાવ્યો હતો.

મીરજાફરે જાણ્યું કે સીરાજ પોતાને ત્યાં વગર બોલાવ્યો આવ્યો છે ત્યારે તેને સહેજ આશ્ચર્ય તો થયું. તેને લાગ્યું કે એમાં પણ કંઇક છૂપો ભેદ હશે. છતાં તેણે સીરાજનું યથાવિધિ સ્વાગત કર્યું.

બન્ને એક દીવાનખાનામાં ગયા. સીરાજ અત્યારે નવાબ નહીં, પણ એક બાળક બનીને પોતાના ફુવા પાસે આવ્યો હતો તેની પાંપણ આંસુઓની બની. ગળગળા સ્વરે તે કહેવા લાગ્યાઃ

"આરઝાદી-ખાં, સીરાજ આજે નિરાધાર છે. પવિત્ર
કુરાને નામે એક વાર કહી લો કે—"તું તમારો છું,
તમે કે અન્ય કોઇનો નહીં થઉં." તો તમે કહો તે પ્રમાણે
કરવા તૈયાર છું. ઇસ્લામના ગૌરવની ખાતર પણ મનમાંથી
વેર કાઢી નાખો અને મારી પડખે આવી ઉભા રહો."

એક વખતનો ઉન્મત્ત, વિલાસી, ખાસની સીરાજ આજે
તેની સુંદાના તરખલા કરતાં પણ વધુ નમ્ર બન્યો હતો.
મીરજાફર આ હૃદયભર્યું દૃશ્ય ન જોઇ શક્યો. સવારના
અને સાંજના સીરાજમાં જાણે જુગાંતર વહી ગયા હોય એમ
તેને લાગ્યું.

પણ આંસુનાં બે-ચાર ટીપાંની ખાતર પાક કુરાનના નામે
સોગન ખાતાં મીરજાફરનું દિલ બળવાખોર બન્યું. તેને
પોતાની નબળાઇ વિષે ભાગ્યે જ કોઇ દિવસ વિચાર આવ્યો
હશે. એક તરફ સોગન અને બીજી તરફ બંગાલ, બીહાર અને
ઓરીસાનું સામ્રાજ્ય! બેમાંથી કોને વધુ પસંદગી આપવી?
ખપરાત્રીની મનોહર શાંતિ વિલસતી ન હોત, મીરજાફરની
સામે સીરાજ આંસુભીનો ઉભો ન હોત, તો અમે ખાત્રીથી
કહીએ છીએ કે સોગનની નહીં પણ સામ્રાજ્યની જ જીત
થાત! પણ અત્યારે તો મીરજાફર એના જીવનની નબળી
પળોમાંથી પસાર થઇ રહ્યો હતો. બાળક સીરાજને ખુશી
કરવા સોગન લેવા પડતા હોય તો એકવાર નહીં, બે વાર
સોગન લેવા તૈયાર થયો. સોગન લીધા પછી, સોગનના જોરે
સિંહાસન ઉપર બેસનારા ઘણા અધિકારીઓના જીવન તેણે
અનુભવ્યા હતા. જગત્ સોગનને નહીં, પણ સામ્રાજ્યને
—સેનાને-વૈભવને જ માને છે-પૂજે છે એમ તે અંતઃકરણના

ઉંડાણુમાં માનતો થયો હતો. સોગન જેવા રમકડાથી સીરાજ રીઝતો હોય તો શા સારૂ વિલંબ કરવો ?

તેજ રાત્રે **મીરજાફરે** નિર્ણય સંભળાવ્યો: " પાક કુરાનના નામે હું તમારો જ રહીશ. "

સીરાજ સ્નેહથી **મીરજાફરને** ભેટી પડ્યો. બીજે જ દિવસે જગતશેઠને માનપૂર્વક મુક્ત કરવામાં આવ્યા. સીરાજનો ફરીથી આત્મીય બનેલો **મીરજાફર** સીરાજના જમણા હાથ રૂપે બંગાળનું રાજતંત્ર ચલાવવા લાગ્યો. **મીરજાફરની** વફાદારીના પ્રતાપે જ પુર્ણિયાનો શૌકત પરાભવ પામ્યો. સીરાજ–ઉદ્દૌલા જાણે પુનર્જન્મ પામ્યો હોય એટલો ઉલ્લાસ અનુભવી રહ્યો.



(૧૬)

જગતશેઠ છૂટીને ઘેર આવ્યા. મીરજાફરે મૈત્રીનો સ્વાંગ પહેર્યો. શૌકતજંગ પૂર્ણિયાના મેદાનમાં શરાબ ને સંગીતની ધૂનમાં સદાને માટે સૂતો. ઘસીટા–બેગમ સીરાજની મા પાસે અંતઃપુરમાં આવી વૈધવ્ય પાળી રહી. એ રીતે પ્રથમ જગતનાં તોફાની વાદળાં એક પછી એક વિખરાતાં ચાલ્યાં. સીરાજની સરવિહોણી નૌકા મધદરિયે ડૂબવાને બદલે અનુકૂળ પવનના યોગે કિનારે પહોંચે એવી આશા બંધાઈ. પણ આ બધું સીધી રીતે, ગણિતના દાખલાની જેમ ચાલે તો ઈતિહાસ કેવો નીરસ ને શુષ્ક બને ?

એટલે જ ભારતની ભાગ્યવિધાત્રીએ ધીમે ધીમે બંગાળનાં ભાગ્યાકાશમાં વિજળીનો વેગ પૂર્યો. આકાશી સત્તાનો અંત જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ મધ્યયુગના અંધ [illegible] નાખવા તે ફરમાન કરીને કામ કરવા મંડી ગઈ

[illegible]

આગેકૂચ કરી, આખિર બંને સૈન્યો આવ્યાં. ઇ. સ. ૧૭૫૭ની જુન માસની તા. ૨૩ મીએ પ્લાસીના મેદાન ઉપર છેલ્લું દશ્ય ભજવાયું. એ દશ્ય " પ્લાસીનું યુદ્ધ " નામે પ્રસિદ્ધ થયું.

એ યુદ્ધના અંગ્રેજ વિજેતા-ક્લાઇવની પાસગાન અંગ્રેજ સૈન્યોએ ઝળકતી બહાદુરીને ગણે છે. પણ પહેલેથી જ મીરજાફરે અને અમીચંદે ક્લાઇવને સીરાજનો વિશ્વાસઘાત કરવાની ખાત્રી ન આપી હોત તો પ્લાસીમાં [illegible] અંગ્રેજ [illegible] પ્લાસીના મેદાનમાં પગ મૂકવાની પણ હિમ્મત ન કરી શક્યો હોત. મીરજાફર ને રાયદુર્લભના સૈન્યની પરવા કર્યા વિના, સીરાજનો એક માત્ર વિશ્વાસુ સરદાર મીરમદન જ્યારે અંગ્રેજ સેના સામે વાઘના જેવા જોરથી લડી રહ્યો, ત્યારે પણ [illegible] આગ્રહથી [illegible] [illegible] મીરજાફરે તેને [illegible] [illegible] કહ્યું કે "આજે [illegible] યુદ્ધનો [illegible] [illegible] નથી," [illegible]

[illegible]

ન થવું જોઈએ" એવી દરેક પ્રસંગે આગ્રહયુક્ત ભલામણ કરી અને પૈસા સંબંધી લેણ-દેણમાં તો જગતશેઠોની સલાહ લીધી હોવી જ જોઈએ એમ તેઓ વારંવાર કહેતા. બેઠું જ્યાં એ અંગ્રેજ અમલદારો જ જગતશેઠોની ટંકશાળ બંધ કરાવવા અને પોતાની ટંકશાળ ચાલુ કરવા છૂપા પ્રયત્ને કરી રહ્યા હતા, એ વાત જગતશેઠોના લક્ષબહાર ન હતી. સીરાજ-ઉદ્દૌલા જ્યારે જ્યારે મોટી લડાઈઓ લડ્યો છે ત્યારે ત્યારે તે પણ જગતશેઠ અને તેમના સૈન્યની સહાય લીધા વિના નથી રહ્યો. ત્યારના આ બધા વિવેક અને વાહ-વાહના બારીક પડદા પાછળ કેવી કૂટ નીતિ કીધા કરતી હોય છે તે જગતશેઠ સ્વાનુભવથી જોઈ શક્યા હતા.

સીરાજ પછી મીરજાફર જ મસનદ ઉપર આવવો જોઈએ એમ સૌ માનતું. કારણ કે મીરજાફરે જ જગત-શેઠને કારાગૃહના બંધનમાંથી માનપૂર્વક છોડાવ્યા હતા. મીર-જાફરની આખી જીંદગીમાં જો કોઈ સારો કામ હોય તો મોહ્યો જ. એ એક જ કર્તવ્ય તેણે એવું કર્યું કે જેથી તે બંગાળના દીલમાં થોડું પણ સ્થાન મેળવી શક્યો. અલી-વર્દી-ખાંના સમયમાં એક-બેવાર મીરજાફરની કમોટી થઈ હતી અને તેમાં કંચનને બાલે કથીરરૂપે જ પૂરવાર થયો હતો. મેદિનીપુરના મેદાનમાં, મરાઠાઓ જ્યારે બંગાળી સૈન્યમાં હાહાકાર વર્તાવી રહ્યા હતા ત્યારે આ સીપાહસાલાર-મીર-જાફર, વિલાસના તરંગમાં તણાતા હતા. આતાઉલ્લા અને મીરજાફરે મળી અલીવર્દી સામે કાવતરું રચેલું એ વાત પણ બંગાળના રાજદારીઓથી અજાણી ન હતી.

પલાસીનું યુદ્ધ પતી ગયા પછી ઉપરાઉપરી ત્રણ દિવસ, જગતશેઠના મહિમાપુર-ભવનમાં મંત્રણા ચાલી. જગતશેઠે પ્રસંગોપાત કહી દીધું:

" જે રાજનીતિ સાથે અસંખ્ય માણસોનાં જાન-માલ અને સુખ-દુઃખ સંકળાયેલાં હોય તેનો નિર્ણય કરતી વખતે વ્યકિતગત ઉપકાર કે અપકારની વાત એક કોરે જ રાખી મૂકવી જોઇએ. સીરાજ હજી મરી ગયો નથી, બંગાળની જનતા કોને માથે રાજમુકુટ મૂકવા માગે છે તે નક્કી કરવાની જવાબદારી આપણી ઉપર આવી પડી છે."

જમીનદારો માનતા કે જગતશેઠ પોતે જ મીરજાફરને માટે આગ્રહ કરશે અને જગતશેઠના અવાજમાં બીજાના અવાજ ડૂબી જશે; પણ એમની એ ધારણા ખોટી પડી. જગતશેઠ મધ્યસ્થતામાંથી એક તસુ પણ ન ખસ્યા.

પહેલા દિવસની સભા મુલતવી રહી. બીજે દિવસે પણ ખૂબ ચર્ચા ચાલી. નદીયાના મહારાજા કૃષ્ણચંદ્રે પોતાના દીવાન કાલીપ્રસાદસિંહને ખાસ આ મંત્રણામાં ભાગ લેવા રવાના કર્યા. પરંતુ કોકડું એટલું બધું ગુંચવાયું હતું કે દીવાન કાલીપ્રસાદસિંહ પણ કંઇ ચોક્કસ નિર્ણય આપી શકયા નહીં.

ત્રીજે દિવસે મહારાજા કૃષ્ણચંદ્ર પોતે આવ્યા. રાજસાહીની મહારાણી ભવાની કે જે અર્ધ-બંગેશ્વરી તરિકે સારાયે બંગાળમાં પૂજાતી-તેમણે પણ પોતાનો સંદેશો પાઠવ્યો. એ સંદેશો આજે પણ ઇતિહાસમાં અમર રહી ગયો છેઃ

" બંગાળનું ભાગ્ય વિદેશી વેપારીઓના હાથમાં મૂકવાની જો કોઇ ભલામણ કરે તો તેને આ સાથે મોકલેલું સિંદુર, સુંદડી અને બંગડી મારીવતી આપજો. "

મંત્રણાના ત્રણ દિવસો ત્રણ વરસ જેવા વીત્યા. એટલું છતાં સભા કંઇ નિશ્ચય કરી શકે એમ ન લાગ્યું. આખરે મહારાજા કૃષ્ણચંદ્રે કંટાળીને કહ્યું:

"જે સભામાં મીરજાફર જેવા માણસો હોય એ સભામાં નવાબીનો અંત આણવાની ચર્ચા થઇ શકે નહીં. જે સભામાં રાયદુર્લભ ને અમીચંદ જેવા માણસો હોય ત્યાં અંગત સ્વાર્થો આડે આવ્યા વિના ન રહે. આ સ્થિતિમાં મીરજાફરને જ બંગાળની મસનદ સોંપવી એ ઠીક છે."

ક્લાઇવ અને મીરજાફરને આ નિર્ણય સાંભળી સંતોષ થયો. પણ કેટલી મુશ્કેલી પછી, કેવા વિલક્ષણ સંયોગોમાં આ નિર્ણય થવા પામ્યો તે પણ તેમની જાણ બ્હાર ન રહ્યું. મીરજાફર જો શાણો હોત તો મસનદ મળ્યા પછી કંઈક પણ સાવધ અથવા વિચારશીલ બનવાનો પ્રયત્ન કરત; પણ એના નસીબમાં "ક્લાઇવના ગધેડા"* બનવાનું સર્જાયેલું તે શી રીતે મિથ્યા થાય!

---

* મીરજાફરના દરબારમાં મીરઝા-શમશેર-હુસેન નામનો એક [illegible] હતો. તે સ્વતંત્ર મિજાજનો અને આકરો હતો. એક વાર તેને ક્લાઇવના એક ગોરા અમલદાર સાથે ઝઘડો થયો. મીરજાફરને [illegible] તેણે તરત જ મીરઝા સાહેબને બોલાવ્યા અને કહ્યું:— "તમે કોઈ ક્લાઇવના માણસનું અપમાન કરો છો? તમને ખબર છે કે ક્લાઇવ કોણ છે?"

મીરઝા-શમશેર-હુસેને જવાબ આપ્યો:— "આપ શું કહો છો? હું ક્લાઇવને જ [illegible] જેમ [illegible] ક્લાઇવને [illegible] હું પણ [illegible] હું [illegible]."

[illegible]

[illegible]

મીરજાફરના કલાઇવ સાથેનાં છુપાં કરારનામાં પણ એ જ વખતે ખુલ્લાં થયાં. જગતશેઠને ત્યાં જ બંગાળનો દ્રવ્યભંડાર ધોળે દિવસે લૂંટાયો. કલાઇવે પોતાનો વીસ લાખનો ફાળો જૂદો તારવી કાઢયો. એજ પ્રમાણે વૉટસ, કિલપૅટ્રીક, મેનીંગ-હામ, બીચર, વૉલ્સ, સ્ક્રેફ્ટન, ગ્રાંટ તથા કાઉન્સીલના બીજા ૭ મેંબરોએ મળી એકંદરે ૭ કરોડની લૂંટ વહેંચી લીધી. અભાગી અમીચંદ એમાંથી એક પાઇ પણ ન મેળવી શકયો. અંતે તે ગાંડો થઇને મુવો. એ રીતે છુપા કરારો, ભીષણ દ્રવ્યલાલસા અને ખોટા દસ્તાવેજો ઉપર અંગ્રેજી સલ્તનતનો મૂળ પાયો પડયો.

મુર્શિદાબાદનો રાજભંડાર તળીયાઝાટક—સાફ થયો; પણ અંગ્રેજ વેપારીઓની ક્ષુધા ન શમી. મીરજાફરે માનેલું કે થોડાં ઇંધણુ નાખવાથી એ આગ ઓલાઇ જશે. પણ જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ એ આગ વધુ ને વધુ ઉગ્ર રૂપ ધરી રહી. જગતશેઠ પાસે નાણાંની ઉપરાઉપરી માગણીઓ થવા લાગી; પરંતુ જગતશેઠ કંઇ કુબેરભંડારી ન હતા. વહીવટની અવ્યવસ્થાને લીધે હવે પુરૂં મહેસુલ પણ વસુલ થઈ શકતું નહીં. બીજી તરફ નિયમિત પગાર નહીં મળવાથી રાજ્યના નોકરો અને સીપાઇઓ પણ ધુંધવાઇ રહ્યા હતા.

મીરજાફર હાર્યા જુગારીની જેમ આંખો મીંચીને દાવ ફેંકી રહ્યો. કલાઇવ વગેરે ગોરા અધિકારીઓને તૃપ્ત કરવા તેણે જાગીરો, પ્રગણા અને હક્કપત્રોના પરવાના ઉપર સહીઓ મૂકવા માંડી. એક પરવાનામાં તો તેણે એટલે સુધી જાહેર કરી દીધું કે—

...ની ના કહેતા તે જ અમલદારો,
...પત્નોમાં કેટલા મદોન્મત્ત બની શકે
...ની જગતશેઠે આબાદ જોઇ લીધું.

...સના મનને મુંઝવી નાખનારી અનેક-
...છૂટવા જગતશેઠ મહતાબચંદે તીર્થયાત્રાનો
માર્ગ પકડયો. મોટા સમારોહ સાથે તેઓ
...ચાલી નીકળ્યા. એમના સીધા આધિપત્ય
સીપાઇઓનું સૈન્ય પણ તેમણે સાથે લીધું.

જગત
શે
ઠ

ન્હાની ન્હાની ચીજોના વેપાર પણ એકહથ્થુ કરવા મંડી ગયા. મૂળ પાયામાં જ કુટિલ નીતિ ધરખી હોય ત્યાં બીજી આશા શી રીતે રાખી શકાય ?

એ વખતે કલકત્તામાં હોલ્વેલ નામનો પેઢીનો મુખ્ય મહેતો હતો. તેણે જગતશેઠ પાસેથી રૂપીયા માગ્યા. જગતશેઠ કંપનીનાં કારસ્થાનો સારી રીતે સમજતા. તેમણે હોલ્વેલને ચોખ્ખી ના પરખાવી. આથી હોલ્વેલ સાહેબનો મીજાજ ગયો. ગુસ્સામાં ને ગુસ્સામાં જ તે બોલી ઉઠયોઃ

" ભવિષ્યમાં જગતશેઠના વંશનું સત્યાનાશ ન વાળું તો હું હોલ્વેલ નહીં ! " શંખણીના શ્રાપની જગતશેઠ જેવા સજ્જને પરવા ન કરી. હોલ્વેલ વધુ ઉશ્કેરાયો. તેણે મુર્શિદાબાદમાં વોર્નહેસ્ટીંગ્સને તા. ૮ મી : મે : ૧૭૬૦ ના રોજ એક પત્ર લખ્યોઃ

* " A time may come when they stand in need of the Company's protection, in which case they may be assured, they shall be left to satan to be buffeted. "

જે અંગ્રેજ અમલદારો પ્રારંભમા જગતશેઠની સલાહ વિના

---

* " એવો પણ વખત આવશે કે જ્યારે જગતશેઠને કંપનીનો આશ્રય લેવો પડશે. તે વખતે તેમને શયતાનના હાથમા સપડાવું પડશે, અને ત્યારે પીડા ભોગવવી પડશે. "

(જે. ઝેડ. હોલ્વેલનો વોર્ન હેસ્ટીંગ્સ ઉપરનો પત્ર.)

એક ડગલું પણ ભરવાની ના કહેતા તે જ અમલદારો, અધિકાર અને પ્રતાપની પળોમાં કેટલા મદોન્મત્ત બની શકે છે તે આટલા જ ઉપરથી જગતશેઠે આબાદ જોઇ લીધું.

આ પ્રકારની માણસના મનને મુંઝવી નાખનારી અનેકવિધ ઉપાધિઓમાંથી છૂટવા જગતશેઠ મહતાબચંદે તીર્થયાત્રાનો નિર્દોષ અને પવિત્ર માર્ગ પકડયો. મોટા સમારોહ સાથે તેઓ શ્રી સમેતશીખર તરફ ચાલી નીકળ્યા. એમના સીધા આધિપત્ય નીચેનું બે હજાર સીપાઇઓનું સૈન્ય પણ તેમણે સાથે લીધું.



(૧૭)

જગતશેઠ અથવા તેમનું કુટુંબ હૉલ્વેલ સાહેબના શ્રાપે, શયતાનના પંજામાં સપડાય ત્યારે ખરૂં, પણ મીરજાફર તો શયતાનની સેનાવડે ચોતરફથી ઘેરાયો હતો એ વાત પ્રત્યેક ઇતિહાસલેખકે સમસ્વરે સ્વીકારી છે. જગતશેઠ યાત્રાએ ગયા અને મીરજાફરે પૂરાં અઢી વરસ પણ ભાગ્યે જ નવાબી ભોગવી હશે એટલામાં તો બંગાળની મસનદ ઉપરથી નીચે ગબડી પડ્યો.

ઇતિહાસની એ કાજળઘેરી અમાવાસ્યા હતી. ન્હાની શી સુબેદારી, વઝીરી, દિવાની, જમીનદારી કે નવાબી માટે વિશ્વાસઘાત કરવો, સગા–સ્નેહીઓનાં લોહી રેડવાં કે નિર્દોષને રીબાવવા એ એક સામાન્ય વાત હતી. નીતિનાં મૂળ અને ઉપદેશો પાતાળમાં જ સમાયાં હતાં. ઈશ્વરનો ડર પણ એટલો જ ઓછો હતો. કલિના વિપાકની એ ભયંકર ઋતુ હતી.

આલીવર્દી—[illegible]

૧૬૨

સીરાજ, હુસેનકુલી-ખાંનું ખૂન કરીને સુખી થઇ શકયો નહીં. મહમદી બેગ જ્યારે તેનો વધ કરવા તલવાર લઇ ધસી આવ્યો ત્યારે સીરાજને સૌ પહેલાં હુસેનકુલી યાદ આવ્યો ને બોલી ઉઠ્યોઃ " હુસેનકુલી ! મેં જ તને મારી નાખ્યો છે. તેના પ્રાયશ્ચિત્ત તરિકે આ જીવન ભલે અર્પેથી જ ચાલ્યું જાય ! " લોહીથી ખરડાયેલા શરીરે જ્યારે તે તરફડતો હતો ત્યારે પણ તેના મ્હોંમાં એ જ શબ્દો હતાઃ—

" બસ ! બસ !! હુસેનકુલી ! તારો આત્મા હવે બસ સંતોષાયો ! * "

મીરજાફરના પાપનું વિષવૃક્ષ પણ તરત જ ફળ્યું ! બંગાળની મસનદ ઉપર બેસતાં જ તેનો વ્હાલો પુત્ર-મીરાંખુ વીજળીની વીજળી પડવાથી ઓચિંતો મૃત્યુ પામ્યો ! વૃદ્ધ મીરજાફરનો દેહ અપંગ બન્યો ! બુનાવજની જેમ સેજુદારો રાત-દિવસ તેની સામે તાંડવનૃત્ય ખેલી રહ્યાં.

મીરજાફરનો જમાઇ મીરકાસીમ, મીરજાફરને પદભ્રષ્ટ કરવા [illegible] હતો. અપંગ મીરજાફર અશુચિની [illegible] [illegible] [illegible] હતો. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉપરા ઉપરી ઉપાધીઓ થવા લાગી. [illegible] મીરજાફર, [illegible] [illegible]

* Enough ! Enough !! Husain Kuly ? [illegible] [illegible] [illegible]

આધાર રાખી બેસી રહ્યો. એ જમાઇ આખરે સાસરાના જ પગલે ચાલ્યો. તેણે વેન્સીટાર્ટને અઠ્ઠાવન હજાર, હોલ્વેલને ત્રીસ હજાર, સુમેરને અઠાવીશ હજાર અને બાકીના સાત મેંબરોમાં કોઇને પંદર હજાર, કોઇને વીસ અને કોઇને પાંચ હજાર અશરફીઓ આપવાનું કબૂલી બંગાળનો તાજ ખરીદ્યો.

એ વખતની મીરજાફરની મનોદશા ચિત્રપટમાં આ રીતે ઉતારી શકાય: પલાસીના મેદાનમાં સીપાહસાલાર મીરજાફર ઉભો છે, તેના કદમમાં માથું ઝુકાવી સીરાજ આંસુ વહાવી રહ્યો છે. મીરજાફર ધર્મ અને ઈશ્વરના નામે તેનું સિંહાસન બચાવવા પ્રતિજ્ઞા કરે છે.

તરત જ બીજું ચિત્ર ખડું થાય છે. પત્થરની પ્રતિમા જેવો મીરજાફર સ્થિર ઉભો છે. અંગ્રેજો તરફથી તોપના ગોળા વરસે છે. મીરજાફરનું રૂંવાડું પણ નથી ફરકતું. મુર્શિદાબાદની રાજલક્ષ્મી કોઈ માયાવિની ડાકણની જેમ તેને મોહમુગ્ધ બનાવી રહી છે.

જે ઉપાયે, જે કીમ્મતે, જે દુકાનમાં તેણે સીરાજને વેચ્યો એ જ ઉપાયે, એ જ કીમ્મતે, એજ દુકાનમાં જાણે પોતે પોતાના જ જમાઈના હાથે વેચાતો હોય, હૃદય ચીરાતું હોય અને ધીમે ધીમે પડદો સરતો હોય એ એનું છેલ્લું દૃશ્ય !

× × × ×

મીરકાસીમ યુવાન હતો. તેણે બંગાળની ગાદી ઉપર આવતાં જ જોઈ લીધું કે ખજાનો ખાલી થઇ ગયો છે, સીપાહીઓ બળવો જગાવવાની ઘડી–પળ ગણી રહ્યા છે, અંગ્રેજ વેપારીઓ પરવાનાના નામે દેશી વેપારીઓને દબાવી રહ્યા છે.

મીરકાસીમે જાતે હાથે કામ લેવાનો નિશ્ચય કર્યો. ખર્ચ ઓછાં કરી સીપાઈઓને સંતોષ્યા. આરામ અને વિલાસને બાજુએ મૂકી જાતે વહિવટ સંભાળવા લાગ્યો. દેશી સીપાઈઓને અંગ્રેજ અને ફ્રેંચ સૈન્યની પદ્ધતિએ કેળવવાનું શરૂ કર્યું. અઠવાડીયામાં બે દિવસ દરબારમાં બેસી ન્યાય સૂકવવા લાગ્યો. અંગ્રેજ વેપારીઓ સાથે સાવચેતીથી કામ લેવામાં ન આવે તો દિવસ જતાં તેઓ બંગાળના સ્વામી બની બેસી જાય એ વિષે તેને કોઈ જાતની શંકા ન રહી.

મીરકાસીમની આ બધી તૈયારીઓ જોતાં, તેને જે નિષ્ફળતા મળી એમાં વિધિનો જ છૂપો હાથ હોય એમ લાગે છે. અથવા તો બાદશાહી રાજતંત્રમાં જ તેના વિનાશનાં સૂક્ષ્મ અણુ ભર્યાં હોય એવું અનુમાન કાઢી શકાય. છતાં વિપાકની વેળાને પાછી વાળવા મીરકાસીમ પોતાની બધી શક્તિ, બુદ્ધિ અને વીરતા વાપરવા તૈયાર થયો. તેનો થનથનાટ જોતાં એમ થાય કે " કમનસીબ કાસીમ! તું દસ વરસ વ્હેલો જન્મ્યો હોત તો કદાચ મુસ્લીમ મહારાજ્ય સ્થાપવાનાં તારાં સ્વપ્ન સિદ્ધ કરી શક્યો હોત ! "

યુગ પલટાનો હતો. કાસીમે એ કાળચક્રને પાછું ઠેલવા તપ આદર્યું. પણ શહેનશાહતના જૂનાં પાપ પોકારી રહ્યાં હતાં. એ પાપને લીધે જ તે સાચો રાહ ભૂલ્યો.

જગતશેઠને યાત્રાએ જતા અટકાવવાનું તેણે ફરમાન કાઢ્યું. પરન્તુ જગતશેઠે તેનો અનાદર કર્યો. તેઓ સમજતા હતા કે બંગાળનો નવાબ પૈસા સબંધી મ્હોટી મુશ્કેલીમાં આવી પડેલો છે. વેપાર અને મહેસૂલ જો રાજ્યમાં બરબાદ થઈ રહ્યા હોય ત્યાં જગતશેઠ પણ નવાબને કંઈ સલાહ આપી

શેઠ એમ ન હતું. તેમણે પોતાની સેનાના બળે મીરકાસીમની સામે થઇને પણ યાત્રા પૂરી કરી.

એ વખતે તો મીરકાસીમ ગમ ખાઇ ગયો, પણ ડંખ ન ભૂલ્યો. એજ વખતે દુર્ભાગ્યે બમણું બળ કર્યું. એક તો અંગ્રેજી પેઢીના સ્વચ્છંદથી તે ગુંગળાતો હતો, એટલામાં શાહજાદો શાહઆલમ નિરાધારની જેમ રઝળતો રઝળતો બંગાળમાં આવ્યો અને અંગ્રેજોના શરણે ગયો. મીરકાસીમે માન્યું કે શાહજાદો બંગાલ, બિહાર અને ઓરીસા અંગ્રેજ પેઢીના ચરણમાં ધરી દે અને અંગ્રેજોની મદદથી દિલ્હીની ગુમાવેલી ગાદી મેળવે તો પોતાને માટે ક્યાંય સ્થાન ન રહે–બંગાળની દિવાની જો શાહજાદો પોતે અંગ્રેજોને સોંપે તો પછી મીરકાસીમને તો ભીખ જ માગવી પડે. તેણે અંગ્રેજોની સામે હવે ખુલ્લી દુસ્મનાવટ બતાવવા માંડી. જે કોઇ વેપારી, અધિકારી કે જમીનદાર સીધી યા આડકતરી રીતે અંગ્રેજોને મદદ કરતો હોય તેની ઉપર તેણે રાજદંડ ઉગામવાનો નિશ્ચય કર્યો.

પોતાના અને પરાયાનો ભેદ તે ભૂલી ગયો. ભીડને વખતે આડા ધરી શકાય એવા માણસોને તેણે એક માત્ર સંદેહને વશ થઇ બંદીખાને નાખવા માંડ્યા. રાજવલ્લભ અને કૃષ્ણચંદ્ર જેવા પુરૂષો બંદીવાન બન્યા. અંગ્રેજો સાથે લડતાં, કટવાના મેદાનમાં મીરકાસીમ હાર્યો. ઘેરીયાના મેદાનમાં પણ વિજય મળે એવાં કંઇ ચિન્હ ન હતાં. મુર્શિદાબાદ અંગ્રેજો સર કરી બેઠા હતા. મીરકાસીમ મોંગીરમાં પડાવ નાખી પડ્યો હતો.

મીરકાસીમે, વીરભોમના ફોજદાર મહમ્મદ તકીખાંને હૂકમ કર્યો: “ જગતશેઠ મહતાબચંદ અને મહારાજ સ્વરૂપચંદને તાકીદે મોંગીરમાં હાજર કરો. ”

અંગ્રેજોની સાથે લડાઈમાં ગુંથાયેલો નવાબ આવા હુકમ કે તેનો અર્થ જગતશેઠ અને બીજાઓ પણ સમજી ગયા. ...ર તરી-ખાંએ પૂરેપૂરા સન્માન સાથે મહતાબચંદ અને સ્વરૂપચંદને "મોતીઝીલ" માં આમંત્ર્યા અને ત્યાંથી સીધા મુંગેર મોકલી દીધા. જગતશેઠ અને મહારાજ સ્વરૂપચંદ ...ે રાજવલ્લભ અને કૃષ્ણચંદની જ દશાને પામશે એવી ...રવા ચાલી.

ઘણા મહિના પછી જગતશેઠે મીરકાસીમને આ બીજી ...ર જોયો. સતત પ્રવૃત્તિ અને ઉદ્વેગને લીધે તેનું પ્રથમનું ...સ્થ તે ખોઈ બેઠો હતો. છતાં તેની દૃષ્ટિમાં કંઈ ઓર ...ક તેઓ જોઈ શક્યા. નવાબીના વૈભવની જડતા લોપ પામી ...ી, તેને સ્થાને કર્મવીરનું ચૈતન્ય તેનામાં અભિષેકાયું હતું. જગતશેઠને થયું કે બંગાળના નવાબોમાં જો કોઈને વ્યક્તિત્વ હોય તો આ મીરકાસીમ માટે જ નિર્માયું હતું. આજ માણસ ...વ મુસ્લીમ સત્તાને મરતી બચાવી શકે. વિનય અને વિવે...માં પણ તે પહેલા કરતાં કઈક અધિક કેળવાયો હતો.

જગતશેઠને કાસીમે માનપૂર્વક આસન ઉપર બેસાર્યા. ...રાજ કે મીરજાફર હોય તો પહેલી વાત પૈસાની જ કાઢે. પણ કાસીમ એવી ભૂલ કરે એવો માણસ ન હતો. થોડા અનુભવે તેને રાજનીતિ અને રાજરીતનો કક્કો શીખવી દીધો હતો.

"આપને જવા દેવાનો મને કંઈજ અધિકાર ન હતો. આપે મારી ભૂલ સુધારી લીધી, એ બહુ ઠીક કર્યું." મીરકાસીમે, મુરબ્બીની પાસે બાળી માગતો હોય એવો દેખાવ કર્યો.

"બંગાળનો સ્વામી, અધિકારની મર્યાદા બાંધે એ ન શોભે. પણ મેં તો નિશ્ચય જ કર્યો હતો કે આસમાનમાંથી અંગારા વરસે તોયે શીખરજીની યાત્રા તો કરવી જ. જીંદગીનો શો ભરૂંસો ? યથાશકિત દાનપુણ્ય કે તીર્થયાત્રા કર્યાં હોય તો પરમાધામીનો ભય ઓછો." શાંતિથી જગતશેઠ મહતાબચંદે ઉત્તર આપ્યો.

"હું એ વાત નથી માનતો. બંગ-જનનીને દુશ્મનોની દયા ઉપર છોડીને તીર્થ કરવા નીકળવું અને પરલોકને સુધારવાનું અભિમાન લેવું એ વાત હજી મારે ગળે ઉતરતી નથી. તીર્થના રક્ષણ માટે જો તમે કોઇ દુશ્મન સામે દોડી ગયા હોત તો હું તેની મ્હોટી કીંમત આંકત." મીરકાસીમે પોતાના વિષયને યોગ્ય ભૂમિકા તૈયાર કરવા માંડી.

જગતશેઠ, મીરકાસીમને મદદ કરવાના ખરા અવસરે ખસી ગયા અને તીર્થયાત્રાના અવસરમાં જ બંગાળનું રાજતંત્ર ગુંચવાયું એમ તે સૂચવવા માગતો હતો. વસ્તુતઃ બંગાળના વ્યાપાર તથા રાજતંત્રની સ્થિતિ જગતશેઠ બરાબર સમજતા હતા. તેઓ સેવાથી કંટાળીને નહીં પણ પ્રપંચોમાં ભાગીદાર બનવાની અનિચ્છાથી યાત્રાએ ગયા હતા. મીરકાસીમને એ વાત શી રીતે સમજાવવી !

"કેટલાક પ્રસંગો એવા પણ આવે કે જે વખતે અપવાદને માથાનો મુકુટ માની લેવો પડે. એવા પણ અવસર સંભવે કે જે વખતે મન ઉપર સંયમ રાખી શાંત બેસી રહેનાર, રાજ્યની ભારે ભક્તિ કરી રહ્યો હોય. કયારે કઇ નીતિ સ્વીકારવી એ વિષે સૌ સ્વતંત્ર હોય છે." જગતશેઠે મીરકાસીમની વાતને તોડયા વિના, સીધી રીતે પોતાની નીતિનું પ્રતિપાદન કર્યું.

"અંગ્રેજ વેપારીઓ સાથે મળી જનાર, અને ઉપરથી [illegible]પણાનો દેખાવ કરનાર, બંગાળનો હિતચિંતક હોય [illegible] એમ જ કહેવા માગો છો, ખરું ને?" મીરકાસીમે [illegible] નીતિનું પ્રદર્શન કર્યું.

જગતશેઠને યુદ્ધનું આ સ્પષ્ટ આહ્વાન ગમ્યું. મીરકાસીમ [illegible] એમને વશ બની, પોતાના જ પગ ઉપર કુહાડો મારી [illegible] છે એ હકીકત સૌ કોઈ જાણતું હતું. પણ નવાબના [illegible] આથી કોઈ સ્પષ્ટ વાત કહેવાની હિંમત કરી શકતું [illegible] જગતશેઠ એ સાહસ ખેડવા તૈયાર થયા.

"આજે અંગ્રેજો આપને દુશ્મન જેવા દેખાય છે. એમની [illegible] નામનો પણ સંબંધ ધરાવનારને આપ દંડો છો; પણ [illegible] રીતે આપ અનિષ્ટને આગળ વધતું નહીં અટકાવી શકો. [illegible] વેપારી છે. આપણે જ એમને હાથ-રજવાડ ને હાક[illegible] [illegible] કર્તા-હર્તા બનાવ્યા છે. આપણા અંદર-અંદરના વિરોધે જ [illegible] બળવાન બનાવ્યા છે. જો એમને આપણે વેપારી જ [illegible] હોત અથવા તો હજીપણ વેપારી રાખી શકાય [illegible] એમની સાથેના સંબંધથી આપણને કોઈ જાતને ભય ન [illegible] પણ પોતાની ભૂલ હજી પણ સુધારી લો" જગત[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સમજી રહ્યા.

"[illegible]" [illegible]

"[illegible]" [illegible]

સાથે જ કામ લેવું પડશે. બહુ બહુ તો ગોરા વેપારીઓને વગર જકાતે વેપાર કરવાની છૂટ મળશે; પણ ધીમે ધીમે નવાબ, આ દેશના વેપારીઓને એવા હક્ક આપવાને સ્વતંત્ર છે. અંગ્રેજો તેની સામે વાંધો લઇ શકશે નહીં. અને એક વખતે રોગ પરખાયો એટલે તેના ઉપચાર પણ મળી આવશે." જગતશેઠે વણિકની વાણિજ્યનીતિ સમજાવવા માંડી.

"ઘેરીઆમાં વાંશલીનાલા પાસે આપણું સૈન્ય પડ્યું છે. એક જમાદાર ઘવાયાના ખબર મળ્યા છે. મારી મુખ્ય આશા એની ઉપર હતી. ત્યાં પણ જો ન ફાવીએ તો છેલ્લી ઉધુઆ-નાલાની એક લડાઇ લડી લેવી અને તે દરમીયાન આપે કર્યું તેમ અત્યારથી જ વગર-પરવાને બધા વેપારીઓને વેપાર ચલાવવાની છૂટ આપવી: એમ બન્ને બાજુથી દુશ્મનને હંફાવવો." મીરકાસીમ એટલાથી બધા ખુલાસા જાણવા ઉત્સુક થયો.

"[illegible] વાતમાં મારો અભિપ્રાય નકામો જણાય. એનો અર્થ એ નથી કે યુદ્ધના હું [illegible] છું. એમ હોત તો મેં [illegible] છૂટા કરી દીધા હોત. પણ હકીકત એવી છે કે આજ કોની ઉપર વિશ્વાસ મૂકવો એ જ નથી સૂઝતું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]" જગતશેઠ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

"પણ એમાં એ સિવાય સેનાપતિઓ કે હાકેમોનો શો આપણે કઈ રીતે કાઢી શકીએ? આપણે તેને જ જો કે કોઈ નીતિને અનુસરીએ તો પછી બીજા માણસો તેનું અનુસરણ કેમ ન કરે? ન છૂટકે યુદ્ધ કરવું પડે એ બરી છે. પણ યુદ્ધના વિજય ઉપર બંગાળની સ્વતંત્રતાનો આધાર જોઈએ તે નકામો છે."

મીરકાસીમને જગતશેઠની સલાહ માનવાનું મન થયું. પણ તેને જ ઉપજાવેલા નવાબીના વ્હેમી વાતાવરણથી પર જઈ શક્યો નહીં. છૂપા કરારો, છૂપી મંત્રણા, છૂપા પ્રપંચો, છૂપા મસૂદા એ પ્રમાણે છૂપાપણાને લીધે બધું જ વિષમય બન્યું હતું. જગતશેઠ છૂપી રીતે અંગ્રેજો સાથે મળી ગયા હોય અને ખોટે રસ્તે દોરતા હોય તો શું થાય? મીરકાસીમને સ્વભાવના રોગને લીધે જગતશેઠ પણ બીજા રંગના દેખાતા હોય એવી શંકા ઉપજી.

"મને આપની સલાહની વખતોવખત જરૂર પડશે. શાંતિ થતાં સુધી આપ મુંગેરમાં રહો એવી મારી ઇચ્છા છે." મીરકાસીમે જગતશેઠની કસોટી કરવા દરબારી ભાષામાં દરખાસ્ત મૂકી.

"પેઢી મુર્શિદાબાદમાં રહે અને અમે અહીં રહીએ એ કેમ બને?"

"મુર્શિદાબાદ જેવી જ પેઢી અહીં સ્થાપી શકો. અને રાજીખુશીથી નહીં રહો તો મારે તમને પરાણે અહીં રોકવા પડશે." મીરકાસીમે દૃઢતાથી જવાબ આપ્યો.

"પરાણે રોકવા" નો અર્થ જગતશેઠ સમજી ગયા. તે દિવસથી જગતશેઠ મહતાબચંદ અને સ્વરૂપચંદ મહારાજ,

મીરકાસીમના 'નજરબંદી' બન્યા. મોંગીરની સીમમાંથી એ પગલું આગે ન જાય એ માટે જાસુસો રોકવામાં આવ્યા જગત શેઠની જરૂરીયાતો ઉપર નવાબ જાતે ધ્યાન આપવા લાગ્યો.

એક અઠવાડીયું વીત્યું નહીં ત્યાં તો ઘેરીઆના મેદાનમ મીરકાસીમનું સૈન્ય હાર્યું. એ સમાચાર સાંભળતાં જ મીર કાસીમે, જગતશેઠની પ્રથમની સલાહ પ્રમાણે એક જાહેરનામુ બ્હાર પાડયું:

" અમને એવી પાકે પાયે ખબર મળી છે કે આ દેશના વેપારીઓનો મ્હોટો ભાગ ભારે ખોટમાં આવી પડયો છે, વેપારધંધો નાશ પામતો જાય છે, અને લોકો નિરૂદ્યોગી તેમજ આળસુ બની બેઠા છે.

એટલા માટે લોકોના ભલાને સારૂ બધી જાતના કર, વેરા, જકાત, ચોકીદારીના ઉઘરાણા બે વરસ સુધી માફ કરવામાં આવે છે."

અંગ્રેજ વેપારીઓને આ જાહેરનામું તોપના ગોળા કરતાં પણ વધુ ભયંકર લાગ્યું. યુદ્ધમાં રચ્યોપચ્યો રહેનાર મીરકાસીમ પોતે વેપારી નીતિમાં આટલી કુશળતા બતાવે એ તેમને અસંભવિત ભાસ્યું. અંગ્રેજ વેપારીઓ પરવાનાના બળે, અથવા તો બનાવટી પરવાનાના જોરે વગર જકાતે વેપાર ચલાવી શકતા અને તેથી દેશી વેપારીઓનો તથા કારીગરોનો બેવડો મરો થતો. તેની સામે મીરકાસીમ બમણી ખોટ વેઠીને પણ આ પ્રમાણે પોતાનો બચાવ કરશે એમ કોઇ અંગ્રેજ વેપારી માની શકયો નહીં. તેમને આ જાહેરનામામાં જગતશેઠની બુદ્ધિનો પ્રતાપ હોય એવી ખાત્રી થઇ.

વૈશ્યાત્વિક રીતે જ ગોરા વેપારીઓ મીરકાસીમના છેલ્લા મહિનાઓથી ખૂબ ખીજાયા. તેમણે મીરકાસીમને પદભ્રષ્ટ કરવા અને તેમ ન બને તો જગતશેઠથી છુટા પાડવાનો નિશ્ચય કર્યો. મીરકાસીમ પણ છેલ્લા પરિણામ માટે તૈયાર થઈ રહ્યો હતો. તે "ઉધૂવાનાલા" ઉપર મોટો આધાર રાખતો. અને લડાઈના અનુભવીઓ કહે છે કે એ સ્થાન લડાઈ માટે પસંદ કરવામાં મીરકાસીમે ભારે કુશળતા બતાવી હતી. પલાસીની જેમ આ "ઉધૂવાનાલા" પણ બંગાળના ઇતિહાસમાં અમર બન્યું છે. હિંદુસ્થાનના ભાગ્યપલટાનાં થોડાં યુદ્ધક્ષેત્રોમાં આ "ઉધૂવાનાલા" એક અમરસ્થાન રોકે છે. અંગ્રેજ સેનાપતિ મેજર ઍડમ્સના પાંચ હજાર સીપાઈઓએ, નવાબ મીરકાસીમના ચાલીસ હજાર સીપાઈઓને શી રીતે હરાવ્યા એ જેમ એક આશ્ચર્યકથા છે તે જ પ્રમાણે એક શરમકથા છે.

ચોવીસ કરતાં પણ વધુ દિવસો નીકળી ગયા. અંગ્રેજ સેના પોતાની પ્રચંડ તોપો વતી કીલ્લાની એકકે કાંકરી ખેરવી શક્યું નહીં. અંગ્રેજોનો ઉત્સાહ નરમ પડતો હતો, બીજી તરફ નવાબી સૈન્ય નાચ-રંગમાં મશગૂલ બન્યું હતું.

આખરે એક જાણભેદુ ફુટયો. મીરકાસીમના સૈન્યમાંથી કનેયાનો નીકળી અંગ્રેજોને ભેગો મળી ગયો. તેણે કહ્યું: "કીલ્લાની આસપાસનું કાદવનું સરોવર બધે સ્થળે સરખું ઉંડું નથી. એક ઠેકાણેથી આબાદ ઓળંગી શકાય એમ છે." હજુનો પણ વિચાર કર્યા વિના અંગ્રેજ સેના કાદવ ખુંદી, કીલ્લા પાસે પહોંચી. અને નવાબના પહેરગીરોને મારી, પાણીના પુરની જેમ કીલ્લામાં પેઠી. નવાબનેના નીસાનથી જાગો અને હજુ તો એ એક સીપાઈ કાળની અહીંયા પીરસાઈ રહ્યા હતા.

મી॰ [illegible] એવી આશા [illegible] પરીક્ષાની [illegible]
[illegible] વિચારમાળ [illegible] અંગ્રેજી [illegible]
[illegible]
[illegible] કરવાની [illegible] ! [illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

એણે લોહીથી વેરની તૃષા છીપાવી, અસહ્ય બની પડેલી જિંદ-ગીનો અંત આણવો એવો નિશ્ચય કર્યો.

“પણ જગતશેઠનું શું કરવું ? મુર્શિદાબાદ પાછા મોકલવા ? અંગ્રેજોને સોંપવા ? પટણાના તોફાનમાં સાથે લેવા કે બંગાળાની ગાદી પાછળ બીજાની જેમ એમનું યે બલિદાન દઈ દેવું ?

અંધારી નિર્જન અટવીમાં મીરકાસીમ ભૂલો પડયો હોય એવી મનોદશા અનુભવી રહ્યો. વેર, પ્રેમ, મહત્વાકાંક્ષા, વિ-શ્વાસઘાત, નિરાશા એ બધાં સત્વો પોતપોતાની ભાષામાં મીરકાસીમને જુદે જુદે માર્ગે ખેંચી રહ્યાં. થોડા દિવસો થયાં બુદ્ધિ અને હૃદયનું બળ તે ખોઈ બેઠો હતો. આત્માનો અવાજ સંભળાતો બંધ થયો. અંતરમાંથી વેરની વાસનાનો એક ખૂની નીકળ્યો. તરત જ મીરકાસીમે જગતશેઠને પોતાની રૂબરૂ બોલાવ્યા.

“જગતશેઠ ! મીરકાસીમ હવે છેલ્લી રજા લે છે. મુસ્લીમ સામ્રાજ્ય સ્થાપવાના મોહે મેં પાપ કરતાં પાછું વાળીને નથી જોયું. હજી પણ કેટલાંય પાપ આ ખુની હાથની રાહ જોઈ રહ્યાં હશે.” વીંધાયેલા વાઘની જેમ મીરકાસીમ વિકરાળ બન્યો. અંતરના તોફાનને શમાવવા તે બે ઘડી શાંત રહ્યો.

“હવે તો દુનીયાભરનું મહારાજ્ય મળતું હોય તો પણ મને નહીં જોઈએ ! મરી ખૂટવાની પ્રતિજ્ઞા સાથે આજે જ મેદાને પડું છું. પરમેશ્વર મને મારા સીપાઈઓના વિશ્વાસઘાત ઉપર આંસુ પાડવાનો કંઈ જ અધિકાર નથી. નવાબ ન હતો ત્યારે હું કેટલો સુખી હતો ! નવાબીની મૃગતૃષ્ણા પાછળ દોડયો—ભાન ભૂલીને દોડયો, એનું પરિણામ જે આવવું જોઈતું હતું

તેજ આવ્યું. પણ હું પશ્ચાત્તાપ નહીં કરું. આ હૃદય જોશો તો જણાશે કે ત્યાં વૈરની આગ સળગી રહી છું અને બીજાને પણ બાળીશ ત્યારે જ આ હૃદય શાંતિ પામશે."

જગતશેઠ બોલવા જતા હતાઃ "નવાબ——"

"બસ. નવાબ અને નવાબીનો આજથી જ અંત આવ્યો છે. મને હવે કોઈની સલાહની જરૂર નથી. સલાહ લઈને હવે હું શું કરી શકવાનો હતો? બંગાળની નવાબીને બહુ બહુ તો બે દિવસની વધુ જીંદગી આપી શકું એટલું જ. એને બચાવવાનો પ્રયત્ન ન કરશો. કુદરતી નિર્માણને એના સીધા માર્ગે જવા દો. તમે પણ વચમાંથી ખસી જાઓ અને હું પણ ખસી જઉં......પણ મારે માથે હજી એક કરજ છે. મારે મારા શત્રુઓના લોહીમાં ડૂબવું છે. તમને એકવાર મારી નજર સામે આ ભાગીરથીમાં ડૂબતાં જોઉં..." મીરકાસીમ અતિશય આવેગને લીધે આગળ બોલી શકયો નહીં.

"મૃત્યુની બધી તૈયારી કરીને જ આવ્યો છું. શા સારુ સંકોચાઓ છો? બંગમૈયાનાં લાખો સંતાન, માત્ર મારા ખસી જવાથી સુખી થતાં હોય તો આ તુચ્છ જીવનનું સમર્પણ એ કઈ મોટી વાત છે? આપની ખાતર નહીં, તેમ મારી ખાતર નહીં, માતૃભૂમિના કલ્યાણની ખાતર અભિમાનથી–સુખથી અને ઉલ્લાસથી મરીશ. નિર્માણની વચમાં અમારાં જીવન આડાં આવતાં હોય તો મૃત્યુ પણ અમારે મન મનોહર બનશે. પુનર્જન્મને વિષે જેને પૂર્ણ વિશ્વાસ છે, આત્માની અમરતા અને ઉર્ધ્વગતિને વિષે જેને સંપૂર્ણ શ્રદ્ધા છે, તે શું મૃત્યુથી બ્હી જશે? તુચ્છ જીવનની ખાતર ભીખારીની જેમ કરગરશે?

બંગાળનો નવાબ નજરોનજર જોઈ શકશે કે જે જગતશેઠો દેશમાં અંદર ઉદારતાથી ઉડાવી જાણે છે તે પોતાનાં જીવન પણ એટલી જ સહેલાઈથી સમર્પી શકે છે !" જગતશેઠે ભાગીરથીના શાંત વહેતાં જળ સામે જોયું. જીવનની છેલ્લી ઘડીના સંધ્યાની હોય તેમ તેમના ચહેરા ઉપર પ્રફુલ્લતા પથરાઈ.

"એમ ન સમજતા કે તમને જળશય્યામાં સુવાડી હું નવાબીનો વૈભવ માણવા જીવતો રહીશ. હું પણ તમારી પાછળ જ આવું છું. નવાબીનું તંત્ર પણ તમારા બલિદાનથી એટલું ભારે બનશે કે તે પણ આપની સાથે જ તળિયે પહોંચી ત્યાં જ વિરામ લેશે." મીરકાસીમે ગળગળા અવાજે કહ્યું.

બંગાળના બે વીરો એ વખતે મૃત્યુના કાંઠે આવી ઉભા હતા. જગતશેઠ મહતાબચંદ અને મહારાજા સ્વરૂપચંદ, મીરકાસીમની નજર સામે, દેવમંદિરમાં પ્રવેશતા હોય એટલા જ હર્ષથી ભાગીરથીના ઉંડા જળમાં ઉતર્યા. ચુની નામનો એક નોકર તેમની પાછળ કૂદી મરવા તૈયાર થયો. પણ મીરકાસીમે તેને અટકાવ્યો. જગતશેઠથી એક પળનો પણ વિરહ તે સહી શક્યો નહીં. ત્યાં ને ત્યાં જ તે એક ઉંચી ટેકરી ઉપર ચડ્યો અને સૌની સામે તેણે પોતાનો દેહ ઝંપલાવ્યો.

મીરકાસીમે માન્યું કે હવે પોતે નિશ્ચિંત અને અંગ્રેજો [illegible] જગતશેઠ જેવા બુદ્ધિ અને [illegible] [illegible] [illegible]

અધિક તો સહીસલામતી અને સર્વસ્વનો ત્યાગ સમાએલાં હે એમ તેને લાગ્યું.

એ રીતે બુદ્ધિને છેતરવા છતાં મીરકાસીમના અંતર વિપ્લવ ન શમ્યો. વેરની વાસના આઘે ઉભી રહી જાણે અ હાસ્ય કરતી હોય એમ બોલી: " આ જ જગતશેઠ, એક વ તારા ફરમાનની સામે થઇ જાત્રા કરવા જતા હતા તે ય છે ? એની ઉપર દયા કે મમતા સીંચતાં તું શરમાતો નથી કેટલો બુદ્ધિહીન છે ?" મીરકાસીમ વ્યાકૂળ ચિત્તે આસપા જોઇ રહ્યો ! વૃક્ષો કંપતાં હતાં, વાયુના અણુ અણુમાં ભય કર ઔદાસીન્સ ભર્યું હતું. તેણે પોતાની નજર પાછ વાળી લીધી.

પણ તરતજ એક સાથે અસંખ્ય માયાવિનીઓ, મીર કાસીમને વીંટળાઈ વળી હોય એમ તેને થયું ! તેનું વજ્રકઠો હૈયું હમણાંજ ભાંગીને ભૂક્કો થઇ જશે એમ લાગ્યું. તેણે બે હાથ વતી જોરથી માથું દાબ્યું. પૃથ્વી ફરતી હતી, આ- કાશ પણ જાણે તૂટી પડવાની અણી ઉપર આવી ઉભું હતું. એક માયાવિનીએ, આત્મીયની જેમ બરાબર કાનમાં કહેવા માંડ્યું—" જગતશેઠને માટે ખેદ કરવો મૂકી દે! આ જગતમાં કોઇ કોઇનું નથી. તું જેને તારા માને છે તે જ તારા આહા- રમાં ઝેર નહીં ભેળવતા હોય તેની શી ખાત્રી ? " મીરકા- સીમને આ અદૃશ્ય વાણીએ સ્હેજ સ્વસ્થ અને ઉત્તેજીત કર્યો. પણ તે હવે વધુ વખત ત્યાં ઉભો રહી શક્યો નહીં. જગત- શેઠ અને મહારાજ મહતાબચંદને છેલ્લી વાર તેણે જોયા અને તેની [illegible]

" બસ, હવે [illegible]

પણ ધનધાન્યને બદલે ભલે રાખની એ મુંઠી ભરી રાખ્યા કરે!" મીરકાસીમ મનનાં ખભરોયા અને મનોગાંઠાની જેમ વિજ્ઞ... ગદ સાબુજો, જમાટામેર ત્યાંથી ચાલી નીકળ્યો.

જગતશેઠ મહતાબચંદ, મહારાજા સરૂપચંદ અને બુનીનાં આત્મસમર્પણ નીહાળી ભાગીરથીનાં જળ ખળભળ્યાં. આજે પણ ભાગીરથીની દૈવી વાણી સમજનારા સંતો અને કવિઓ કહે છે કે "ભાગીરથીના સંગીતમાં જગતશેઠના આત્મસમર્પણનો જ મહિમા સંભળાય છે."

જગતશેઠ જતાં બંગાળની અંધારી રાતનું એક ઉજ્જવળ નક્ષત્ર આથમી ગયું. બંગાળનાં લાખો સ્ત્રી-પુરૂષોએ તે દિવસે અન્ન ત્યજ્યાં. બંગાળના મોટા શહેરથી માંડી નાના ગામડાં સુધી શોકનું એક મોટું મોજું ફરી વળ્યું.

મરવાને માટે જ મોંગીરથી નીકળેલો મીરકાસીમ, જગતશેઠના પાછળ શી રીતે પહોંચ્યો તે કોઈ કહી શક્યું નથી. માત્ર એટલું જ મળી આવે છે કે પટણામાં અંગ્રેજોના સીપાઈઓએ નાશ કર્યા પછી "અચાનક એક દિવસે દિલ્હીના પાદરમાં એક તૂટીફૂટી ઝુંપડી પાસે અજાણ્યા પુરૂષનું શબ ધૂળમાં રગદોળાતું મળી આવ્યું. તેને કબરમાં દાટવા જેટલી સામગ્રી પણ એ ઝુંપડીમાં ન હતી. બહુ તપાસ કરતાં ઝુંપડીમાંથી એક જુની ગંધાતી શાલ મળી. તે વેચી જે કંઇ ઉપજ્યું તેનાથી શબને દાટવાની ક્રિયા દિલ્હીના નાગરિકોએ પૂરી કરી. દાટતી વેળા એકાએક કોઇ રડી પડયું. રડતાં રડતાં તેનાથી બોલાઇ જવાયું કે "અરેરે! આ તો જ મીરકાસીમ!" આ આર્તનાદ પણ આકાશમાં મળી ગયો!

અધિક તો સહીસલામતી અને સર્વસ્વનો ત્યાગ સમાયેલાં હો[illegible] એમ તેને લાગ્યું.

એ રીતે બુદ્ધિને છેતરવા છતાં મીરકાસીમના અંતરનો વિપ્લવ ન શમ્યો. વેરની વાસના આગે ઊભી રહી જાણે અટ્ટ-હાસ્ય કરતી હોય એમ બોલી: "આ જ જગતશેઠ, એક વાર તારા ફરમાનની સામે થઇ જાત્રા કરવા જતા હતા તે યાદ છે ? એની ઊપર દયા કે મમતા સીંચતાં તું શરમાતો નથી ! કેટલો બુદ્ધિહીન છે ?" મીરકાસીમ આકુળ ચિત્તે આસપાસ જોઇ રહ્યો ! વૃક્ષો કંપતા હતા, વાયુના આછા આછામાં ભયં-કર અંધકાર ભર્યું હતું. તેણે પોતાની નજર પાછી વાળી લીધી.

પણ તરત જ એક સાથે અસંખ્ય માયાવિનીઓ, મીર-કાસીમને વીંટળાઈ વળી હોય એમ તેને થયું ! તેનું ધકધકતું હૈયું હમણાં જ ભાંગીને ભૂકો થઇ જશે એમ લાગ્યું. તેણે બે હાથ વતી જોરથી માથું દાબ્યું. પૂજા કરતી હતી, [illegible] કારા પણ જાણે દૂર પડદાની આડે ઊભાં ઊભાં હસતું હતું. એક માયાવિનીએ, આત્મીયની જેમ [illegible] કહ્યું "જગતશેઠને મારી નાંખ્યા. [illegible]

ધનધાન્યને બદલે ભલે રાખની એ મુઠ્ઠી ભરી રાજી થાય !"
કાસીમ મનનાં બળાપો અને અર્ધગાંડાની જેમ વિજયનો
માજુનો, જપાટાભેર ત્યાંથી ચાલી નીકળ્યો.

જગતશેઠ મહતાબચંદ, મહારાજા સરૂપચંદ અને ચુનીનાં
આત્મસમર્પણ નીહાળી ભાગીરથીનાં જળ ખળભળ્યાં. આજે
યુ ભાગીરથીની દૈવી વાણી સમજનારા સંતો અને કવિઓ
કહે છે કે "ભાગીરથીના સંગીતમાં જગતશેઠના આત્મ-
સમર્પણનો જ મહિમા સંભળાય છે."

જગતશેઠ જતાં બંગાળની અંધારી રાતનું એક ઉજ્જ-
વળ નક્ષત્ર આથમી ગયું. બંગાળનાં લાખો સ્ત્રી–પુરુષોએ તે
દિવસે અન્ન ત્યજ્યાં. બંગાળના મોટા શહેરથી માંડી નાના
નાના ગામડા સુધી શોકનું એક મોટું મોજું ફરી વળ્યું.

મરવાને માટે જ મોંગીરથી નીકળેલા મીરકાસીમ, જગ-
તશેઠના પાછળ શા રીતે પહોંચ્યો તે કોઈ કહી શક્યું નથી.
માત્ર એટલું જ મળી આવે છે કે પટણામાં અંગ્રેજોના
હાથોથી નાઠા પછી "અચાનક એક દિવસે દિલ્હીના પાદ-
રમા એક તૂટીફૂટી ઝુંપડી પાસે અજાણ્યા પુરુષનું શબ ભૂમાં
રગદોળાતુ મળી આવ્યું. તેને કબરમા દાટવા જેટલી સામગ્રી
પણ એ ઝુંપડીમા ન હતી ભદ્ર તપાસ કરતા ઝુંપડીમાંથી
એક જુની મોઘી શાલ મળી તે વેચી જે કંઈ ઉપજ્યું
તેનાથી શબને દાટવાની ક્રિયા દિલ્હીના નાગરિકોએ પૂરી કરી
હતી વેચા એકાકિ કોઈ રહી પડ્યુ. [illegible] તેના
[illegible] કે "અરે ! આ, તે જ મીરકાસીમ !" આ
[illegible] પણ [illegible] મળી એ !

(૧૮)

જગતશેઠ મહતાબચંદ અને મહારાજા સરૂપચંદ જતાં જ જગતશેઠના વૈભવ અને પ્રતાપ ઝંખવાતા ચાલ્યા. બાદશાહ શાહઆલમના સમયમાં એ કુટુંબની પ્રતિષ્ઠા બરાબર જળવાઇ, પણ પ્રથમનું ઓજસ ઉડી ગયું. મધ્યાન્હના નમતા પહોરની જેમ, બધું પૂર્વવત્ ચાલવા છતાં એની ગતિ બદલાઇ ચૂકી હતી.

મહતાબચંદના જયેષ્ઠ પુત્ર ખુશાલચંદને અને મહારાજા સરૂપચંદના જયેષ્ઠ પુત્ર ઉદાયતચંદને બાદશાહ શાહઆલમે, અનુક્રમે જગતશેઠ અને મહારાજાના પદથી સન્માન્યા. બન્ને ભાઇઓ સાથે મળીને પેઢીનો કારભાર કરવા લાગ્યા. પણ પેઢીનો કસ ઉડી ગયો હતો. અયોધ્યાના વજીરે એકવાર મોટી લાલચ આપી તેમને પોતાની પાસે બોલાવ્યા. પણ વજીરનો સ્વાર્થ ન સધાયો. મુર્શિદાબાદ છોડીને અયોધ્યામાં રહેવાનું તેમણે ન સ્વીકાર્યું. નવાબ-વજીરે ખૂબ દ્રવ્ય ચૂસી એ બે ભાઇઓને છોડી દીધા.

મીરજાફરનો પુત્ર નજુમ-ઉદ્દૌલા, અંગ્રેજોની મહેરબાનીથી મુર્શિદાબાદની મસનદ ઉપર આવ્યો. કંપનીના નોક-

રોની ક્લ્પનાવસ્થા પહેલાં કરતાં અધિક પ્રમાણમાં બગડતી બની હતી. કાઉન્સીલના સભ્યો-જોનસ્ટન, સીકસ્ટન અને લેસેસ્ટરે નજુમ-ઉદ્દૌલા પાસે એક લાખ ને પચાસ હજાર રૂપિયાની માગણી કરી. જગતશેઠે તે કબૂલ્યા તો ખરા, પણ વખતસર આપી શક્યા નહીં. આથી એ ગોરા દેવો કોપાયમાન થયા અને બળજોરીથી રકમ વસુલ કરી.*

નજુમ-ઉદ્દૌલાએ પહેલા મહમદ રેજા-ખાંને નાયબ-સુબો નીમ્યો હતો. પણ કલાઇવે બીજીવાર હિંદુસ્તાનમાં પગ મૂકયો કે તરત જ તેણે એ વ્યવસ્થા નામંજુર કરી અને નજુમને રાજકાજમાંથી તેમજ સૈન્ય સંબંધી વ્યવસ્થામાંથી રાજીનામું આપી છૂટા થવાની ફરજ પાડી. માત્ર નામની કેટલીક સત્તા રહેવા દીધી-તેમાં પણ મહમદ રેજા-ખાં, રાજા દુર્લભરામ અને જગતશેઠની સલાહ વિના કંઇ કામ ન કરવાનું ઠરાવાણ થયું.

એ સ્થિતિ પણ ૧૭૬૫ માં પલટાઇ ગઇ. કંપની સરકારે બંગાળની દિવાની પોતાના અધિકારમાં લીધી. અને તે દિવસથી કંપની દેશમાં કર્તાહર્તા બની. કલાઇવે જગતશેઠ ખુશાલચંદને કંપનીની સરાફી સોંપી. ખુશાલચંદ બહુ નાની ઉમ્મરના હતા -આશરે જ અઢાર વરસ થયા હશે. જગતશેઠના કુટુંબની પૂરેપૂરી પડતી અહીંથી આરંભાઇ.

જગતશેઠ ખુશાલચંદે, એ અરસામાં, કલાઇવને એક પત્ર લખી પોતાની કેટલીક મુશ્કેલીઓ નિવેદી. પણ કલાઇવે

* Burk's Impeachment of W. H. (Bohn) Vol I. P 246

સભ્યતાપૂર્વક તેનો જવાબ વાળવાને બદલે જાણે જુનું વેર વાળતો હોય તેમ કઠોર વાણીમાં સંભળાવી દીધું કેઃ

"તમારા પિતા સાથેના વહેવારમાં હું કેટલી મહેરબાની રાખતો અને કેવી મદદ કરતો તે તમારી જાણ બહાર નહીં હોય. તમારી અને તમારા પરિવારની સાથે પણ એવો જ આંતરિક સંબંધ ધરાવી રહ્યો છું. છતાં ખેદની વાત છે કે તમે તમારી પ્રતિષ્ઠાનો અને જવાબદારીનો કંઇ ખ્યાલ નથી રાખતા. પહેલા આપણી વચ્ચે એવી સમજુતી થઇ હતી કે તીજોરીની ત્રણ ચાવીઓ જૂદે જૂદે ઠેકાણે રાખવી, પણ તેમ કરવાને બદલે તમે એકલા તમારી પાસે જ બધા પૈસા રાખી લો છો. ઇજારા પણ તમે બની શકે તેટલા ઓછા દરે આપો છો, રાજ્યનું કરજ પહેલાં વસુલ કરવું જોઇએ તેમ ન કરતાં તમે તમારૂં લેણું, જમીનદારો પાસેથી પહેલું પતાવો છો, એવા સમાચાર મને મળ્યા છે. તમારી આ વર્તણુકનો કોઇ રીતે બચાવ થઇ શકતો નથી. હજુ પણ તમે પ્રથમના જેટલા જ પૈસાદાર છો. વધારે લોભને લીધે તમને અસંતોષ રહેતો હશે, પણ તમે તમારી જવાબદારીથી નીચે પડતા જાઓ છો અને અમારો તમારા પ્રત્યેનો વિશ્વાસ ઉઠતો જાય છે."×

આ પત્રમાં ક્લાઇવનો હુંકાર ગર્જી રહ્યો છે. ખોટા દસ્તાવેજ બનાવી પોતાના આશ્રિતોના નિઃશ્વાસ લેતાં જેને જરાય અચકાટ ન થયો તેની પાસેથી જગતશેઠના પુત્રોને આવો ઉદ્ધત જવાબ મળે એ વિષે કોઇને આશ્ચર્ય ન થાય.

× Hunter's Statistical account of Murshidabad P. 263

૧૭૬૬ ના એપ્રીલ મહીનામાં જગતશેઠે, કંપની પાસે પોતાના લેણા ૫૦ થી ૬૦ લાખ રૂપીયાની ઉઘરાણી કરી. જગતશેઠે એ રૂપીયામાંથી ૩૦ લાખ જમીનદારોને અને ૨૧ લાખ મીરજાફર તથા અંગ્રેજોના સૈન્યના નિભાવને અંગે ધીર્યાં હતા. ૧૪ મી એપ્રીલે કંપનીની કાઉન્સીલે ઠરાવ્યું:

"જમીનદારોના દેણા માટે આપણે જવાબદાર નથી. બાકીના ૨૧ લાખ, કંપની અને નવાબ સરખે ભાગે, દસ વરસની અંદર ભરી દેશે."+

તે પછી કંપનીની સત્તા અને આવક વધતી ચાલી. હેસ્ટીંગ્સને થયું કે રાજકારભારમાં જગતશેઠની મુદ્દલ દરમ્યાનગીરી શા સારૂ હોવી જોઈએ ? તેને જગતશેઠ નડતરરૂપ લાગ્યા. જગતશેઠને તેણે કહેવરાવ્યું: "જો વરસ દિવસે ત્રણ લાખ રૂપીયા લઈ છુટા થવા માગતા હો તો અમે એટલું વર્ષાસન બાંધી આપવા તૈયાર છીએ." જગતશેઠ ખુશાલચંદે એ માગણી ન સ્વીકારી. તેમણે જવાબ આપ્યો કે "હું ઓછામાં ઓછું ખર્ચ કરૂં તો પણ ત્રણ લાખ રૂપીયા મને ઓછા પડે." વોર્ન હેસ્ટીંગ્સના અમલમાં ખુશાલચંદની સ્થિતિ વધુ બગડી. રાજવહીવટના કેટલાક ખાતા મુર્શિદાબાદથી કલકત્તા ગયાં. આથી જગતશેઠ મોટી મુશ્કેલીમા આવી પડયા. તેમણે તે વિષે હેસ્ટીંગ્સને એક પત્ર લખ્યો અને પરાપૂર્વથી જે વહીવટ પેઢી સંભાળતી તે પાછો પેઢીને સોપવા અરજ કરી. હેસ્ટીંગ્સ એ વખતે રાજધાનીથી બહુ દૂર હતો. તેણે રાજધાનીમા આવ્યા પછી એ વિષે સંતોષકારક નિવેડો

+ Long's Selection P. 137

લાવવાની પોતાની ઇચ્છા દર્શાવી. કમનસીબે હેસ્ટીંગ્સ પાછો આવે તે પહેલાં જ અકસ્માત્ ખુશાલચંદ ગુજરી ગયા. સમેતશીખર ઉપર તેમણે જ કેટલાંક જૈન મંદિરો બંધાવ્યાં હતાં. બાદશાહ મહમદશાહના વખતથી શીખરજીની સઘળી તીર્થભૂમિ જગતશેઠના કુટુંબને વગર કરે સુપ્રત કરવામાં આવી હતી. શીખરજી ઉપરના મંદિરોમાં ઘણેખરે સ્થળે શીલાલેખોમાં જગતશેઠ ખુશાલચંદના નામના ઉલ્લેખો છે.

તે ઉપરાંત ખુશાલચંદે સાર્વજનિક હિતના પણ ઘણા કાર્યો કર્યાં હતાં. એમ કહેવાય છે કે જે જગતશેઠે લગભગ ૧૦૮ જેટલાં તળાવ બંધાવ્યાં હતાં તે આ ખુશાલચંદજી જ હોવા જોઇએ. જગતશેઠના રહેવાના મકાન પાસે આજે એક બાગ છે તેનું નામ “ ખુશાલબાગ ” છે તે પણ એમણે જ નિર્મ્યો હશે. લોકવાયકા તો એવી છે કે ખુશાલચંદજીએ પોતાની ઘણીખરી સંપત્તિ જમીનમાં દાટી રાખી હતી. પરંતુ તેમનું અકસ્માત મૃત્યુ થવાથી અને વાચા બંધ પડી જવાથી એ વિષે કોઇને કંઇ કહી શકયા નહીં.

ખુશાલચંદજીને સંતાન ન હતું. તેમણે પોતાના ભત્રીજા હરખચંદજીને ખોળે લીધા. વોર્ન હેસ્ટીંગ્સને પણ ખુશાલચંદજીના મૃત્યુથી બહુ ખેદ થયો. ઉત્તરોત્તર ચાલી આવતી રીત પ્રમાણે હેસ્ટીંગ્સે હરખચંદને જગતશેઠની પદવી આપી. કંપનીના ઇતિહાસમાં પદવી આપવાનો આ પ્રસંગ પહેલવહેલો બન્યો.

હેસ્ટીંગ્સે કહ્યું કે “ હરખચંદજી [illegible] [illegible] ”
[illegible] ખુશાલચંદજીની [illegible]

પણ તે પછી તરતજ તેને વિલાયત જવું પડ્યું. જગતશેઠના કુટુંબની દુર્દશા દિવસે દિવસે વધુ શોચનીય બની. આવકનાં બધાં દ્વાર બંધ થવાથી જગતશેઠ હરખચંદને પગલે પગલે મુંઝવણ થવા લાગી. ઘણું ધન તો, ખુશાલચંદજીની દિવાળીમાં જ ખર્ચાઇ ગયું હતું.

હરખચંદજીના સમયમાં, જગતશેઠની ધાર્મિક વલણ બદલાઇ. એમ કહેવાય છે કે હરખચંદને કંઇ સંતાન ન હતું. તેથી તે હંમેશા ઉદાસ રહ્યા કરતો. એક વૈષ્ણવ સંન્યાસીએ સંતાનની લાલચ આપી વૈષ્ણવધર્મમાં દીક્ષિત કર્યો. તેણે એક વિષ્ણુમંદિર પણ પોતાના ઘર પાસે બંધાવ્યું. આ રીતે ધર્માન્તર કરવા છતાં જગતશેઠના પરિવારમાં આજે પણ જૈન આચાર-વિચારનું જ પ્રાધાન્ય જળવાઇ રહ્યું છે.


હરખચંદજીની પછી ઇંદ્રચંદ અને વિશનચંદે બે ભાગમાં માલ-મીલકત વહેંચી લીધી. રાજકારભારને લગતો સઘળો સંબંધ સદાને માટે બંધ થયો. અંગ્રેજ સરકારે ઇંદ્રચંદને પણ જગતશેઠની ઉપાધિથી નવાજ્યા; પણ હવે પૂરતી આવક વિના ઉપાધિ એ ખરેખર ઉપાધિરૂપ બની ! સરકારે પણ તે પછી એ પદવી આપવી બંધ કરી. ઇતિહાસના પાના ઉપર ઇંદ્રચંદે " જગતશેઠ " ની છેલ્લી પદવી કેવળ શોભાપૂરતી દીપાવી.

ઇંદ્રચંદની પછી ગોવિંદચંદ જગતશેઠની ગાદીએ આવ્યો. પણ તે એટલો બધો ઉડાઉ હતો કે તેણે બાકી રહેલા ઘરેણાં અને વસ્ત્રો પણ વેચી નાખ્યા. આખરે આજીવિકાનો સવાલ ઉભો થયો ત્યારે તેણે અંગ્રેજ સરકારનું શરણ લીધું કેટલીક પ્રાપ્તિ પછી મહામહેનતે સરકારે માસિક ૧૨૦૦) રૂપિયા જીવનપર્યંત આપવાનું ઠરાવ્યું.

પછી તો દીનતા પોતાની સાથે જે ગૃહક્લેશ લેતી આવે છે, તેણે પોતાનો અધિકાર જમાવ્યો. એક જ કુટુંબની જૂદી જૂદી શાખાએ વર્ષાસન વિષે જૂદા જૂદા દાવા નોંધાવ્યા. સરકારે પણ તેના એવા જ ઉડાઉ જવાબ વાળ્યા. પરંતુ "જગતશેઠ" ના ઇતિહાસ સાથે એને કંઇ સંબંધ નથી. ટુંકામાં, એટલું કહી શકાય કે જે સ્થળે પ્રતાપ, વૈભવ ને અધિકારનો પ્રખર સૂર્ય પોતાનાં હજારો કિરણો ફેંકી રહ્યો હતો, ત્યાં આજે કોડીયાના દીવાનો અતિ સામાન્ય પ્રકાશ પણ નથી રહ્યો. એટલું છતાં જગતશેઠના નામ સાથે જે અતીત ગૌરવ અને ભવ્યતા સંકળાયાં છે તેને કરાળ કાળ ભુંસી શક્યો નથી. વ્યક્તિ ક્ષુદ્ર છે, તેનું બળ વ્યક્તિ કરતાં પણ મહાન છે, ચિરારાધ્ય છે, અજર–અમર છે!



જગતશેઠ : વંશવૃક્ષ




સિંઘરાજ
અખયરાજ
કરમચંદ
શાહ હીરાનંદ
ગુલાબ ચંદ
ગોરધન ચંદ
મલુક ચંદ
સદા નંદ
શેઠ માણેકચંદ
અમીચંદ
દીપચંદ
ધનબાઈ
(૧) માણેકદેવી
(૨) સોહાગદેવી
(૧) જગતશેઠ ફતેહચંદ (દત્તક)
(૧) સુપર દેવી
શેઠ આણંદચંદ
શેઠ દયાચંદ
પુત્રી
પુત્રી
(૨) જગતશેઠ મહતાબચંદ
મહારાજ સરૂપચંદ
(૧) શ્રીનગરદેવી
મહારાજ ઉદાવતચંદ
અભયચંદ
મીહીરચંદ
(૩) જગતશેઠ ખુશાલચંદ
જગદીદ શેઠ ગુલાબચંદ
શેઠ સુમેરચંદ
સુખલાલચંદ
હરખચંદ
જગતશેઠ
(૪) હરખચંદ (દત્તક)
(૫) જગતશેઠ ઇંદ્રચંદ
(૬) જગતશેઠ ગોવીંદચંદ
મહારાજા ગોપાલચંદ (દત્તક)
જગતશેઠ ગુલાબચંદ (દત્તક)
જગતશેઠ ફતેહચંદ

જગતશેઠ : વંશવૃક્ષ

(૨)

- શાહ હિરાનંદ
  - પુત્રી–ધનબાઇ
    - શોભાચંદ
      - અમરચંદ
        - રાજા દાલચંદ
          - રાજા ઉત્તમચંદ
            - ગોપીચંદ
              - રાજા શિવપ્રસાદ સી. એસ. આઈ.
                - રાજા સચિત પ્રસાદ
                - રાજા આનંદ પ્રસાદ
                  - રાજા નિત્યાનંદપ્રસાદ
                  - રાજા સત્યાનંદપ્રસાદ
                    - કુમાર પ્રિયનંદ
                    - કુમાર કૃષ્ણાનંદ
    - ફત્તેહચંદ (દત્તક ગયા)



શેઠ માણિકચંદનું ફરમાન*

પરમેશ્વરનું નામ
(લાલ શાહીમાં)

(ગોળ મ્હોર)
પરમેશ્વરનું નામ

૧૧
પુત્ર
મીરનશાહ

૧૨
પુત્ર
અમીર તૈમુર
સાહેબ કેરાન

૧
પુત્ર
શાહઆલમ
બાદશાહ

૧૦ પુત્ર સુલતાન મહમ્મદશાહ

૨ પુત્ર આલમગીર બાદશાહ

(લાલ શાહીમાં
દસ્તખત)

મહમ્મદ મહમુદીન
આલમગીર શાની
ફરૂખસીઅરનું બા-
દશાહ ગાઝી ફરમાન
મુજબ મજકૂર.

૯ પુત્ર સુલતાન અબુસઈદશાહ

મહમ્મદ ફરૂખસી-
અરનો પુત્ર અબુ-
મુસ્ફાન, અબુલ
મજફર મહમુદીન
આલમગીર શાની
બાદશાહ ગાઝીયન
આદદ

૩ પુત્ર શાહજહાન બાદશાહ

૮ પુત્ર ઉમરશેખ શાહ

૪ પુત્ર જહાંગીર બાદશાહ

૭ પુત્ર બાબર બાદશાહ

૬ પુત્ર હુમાયુ બાદશાહ

૫ પુત્ર અકબર બાદશાહ

આ હુસેદ અને આનંદમંગળના અવસરે, આ મહામાન્ય અને વિશ્વાસપાત્ર ફરમાન વતી માણિકચંદ, આ ચિરસ્થાયી રાજ્ય તરફથી માણિકચંદ શેઠ ખીતાબ મેળવે છે. અમારા તાબાના રાજ્યના બધા દીવાન અને હવે પછી થનારા અમલદારો, હાકેમો અને મુત્સદ્દીઓએ માણિકચંદના નામ પાસે શેઠ શબ્દ લખવો એ બાબતમાં અમારી ખાસ તાકીદ રાખવી, અને હજૂરનું મહતું ફરમાન છે એમ જાણવું. તારીખ ૮, રમઝાન [illegible] સન જલુસ.

---

* [illegible]

[ફરમાનની બીજી બાજુ]

જે આ મહામાનવંતા રાજ્યના મુખ્ય આધારરૂપ છે, સલ્તનત
જેઓ વિશ્વાસપાત્ર છે, ખાનદાન કુળના છે, ઉંચા પદના છે, શક્તિ
શાળી છે, રાજ્ય અને ધનસંબંધી સારી વ્યવસ્થા કરી જાણે છે, જે કલમ અને તલવાર વાપરવામા કુશળ છે, પ્રજાને ફરકતી રાખી શકે છે, સારામા સારા નિષ્પક્ષપાત વઝીર છે, સલ્તનતની મુશ્કેલીમા આધારરૂપ છે, વઝીરોમા પણ જે અઝીઝ વિશ્વાસપાત્ર અને મિત્ર છે તે મિનુદૌલા બહાદુર જાફરજંગ સિપેહસાલારને સન્નિવેશાના લાભમા.

(મ્હોર)
મહમ્મદ ફરૂખ
શાનું બાદશાહ ગાઝી
ખાસ ફિદ્વાહ શેપ.સાલાર
દયાર ખ.વ. ફિદવી કુતબલ
મુલ્ક અમિનુદૌલા સૈયદ
અબ્દ ખા બાહાદૂર
જાફરજંગ.

જગતશેઠ મહતાબચંદનું ફરમાન

પરમેશ્વરનું નામ—(લાલ શાહીમાં)

(ગોળમ્હોર)

ઇશ્વરનું નામ

૧૨ પુત્ર મીરનશાહ	૧૩ પુત્ર અમીર તૈમુર સાહેબ કેરાન	૧ પુત્ર જહાનશાહ

દસ્તખત (લાલશાહીમાં)

અહમ્મદશાહ બહાદુર પુત્ર મહમ્મદશાહ મઝહેદીન સાહેબે કેરાનશાની બાદશાહ ગાઝી.

૧૧ પુત્ર સુલતાન મહમ્મદ શાહ		૨ પુત્ર શાહઆલમ બાદશાહ
૧૦ પુત્ર સુલતાન આબુસૈયદ શાહ	અહમ્મદશાહ બાહાદૂર, પુત્ર મહમ્મદ શાહ, આબુલ નાસીર મઝાહેદીન સાહેબે કેરાન, શાની બાદશાહ ગાઝી સન એક.	૩ પુત્ર આલમગીર બાદશાહ
૯ પુત્ર ઉમરશેખ શાહ		૪ પુત્ર શાહજહાન બાદશાહ

૮ પુત્ર બાબર બાદશાહ	૭ પુત્ર હુમાયુ બાદશાહ	૬ પુત્ર અકબર બાદશાહ	૫ પુત્ર જહાંગીર બાદશાહ

આ શુભ અને આનંદના અવસરે આ ચિરસ્થાયી સામાન્યના જગમાન્ય અને જગતને તાબે કરનારા ફરમાનવતી, મહતાબરાય–વિશ્વાસ અને ગૌરવના મૂળ ધનરૂપ જગતશેઠનો ખીતાબ મેળવે છે. અમારા તાબાના રાજ્યમાં દરેક દિવાન તથા હવે પછી થનારા હાકીમો, અમલદારો તથા મુસદ્દીઓ વગેરેએ તેમનું જગતશેઠ મહતાબરાય નામ લખવું. આ બાબતમાં ખાસ કાળજી અને કોશીશ કરવી.

તારીખ ૨૧ જેલહજ્જ.

આ ફરમાનની પાછળની બાજુ ઢંકાઈ જવાથી વાંચી શકાતી નથી.

(મુર્શિદાબાદ-કાહિણી.)

માણિકદેવી

(માણિકદેવિરાસના આધારે)

માણિકદેવિના પિતા શાહજાદપુરમાં રહેતા, તેમનું નામ પુરણમલ્લ હતું અને ઓસવાલવંશના હતા. તેમની પત્નિનું નામ ગુલાબબાઇ:—

" મધ્ય દેશ મહિપતિ, વત્સ દેશ અતિ ચંગારે;
નગરી કોસંબી ભલી, નદી વહે જહાં ગંગારે.

ચંદનબાલિકા જહાં ભઇ, સતીવાંમેં સિરદારીરે;
નામ જયંતી શ્રાવિકા, મૃગાવતી સુખકારીરે.

સાધુ અનાથી જિહાં હુઆ, શ્રાવક સાધ પવિત્રારે;
પદમપ્રભુ જિહાં જનમીયા, કહાં લગી કહું ચરિત્રારે.

તસ નગરી પાસે ભલો, સાહિજાદપુર સારોરે;
નિકટ વહે ગંગા નદી, વસે વરન અઢારોરે.

સુરપુરવરકી ઉપમા, નગર નિરૂપમ દેખોરે;
ન્માત ચોરાસી જહાં વસે, ઉસવાલ સુવિસેખોરે.

પૂરણમલ પુણ્યાત્મા, શ્રાવક પરમ સુજ્ઞાનીરે;
ગોત્ર શ્રીમાળી પરગડા, ધર્મવંત અતિ દાનીરે.

તસુ ધરણીવરણી સતી, ગુલાબ કુઇ તિ નામેરે;
જૈન ભગતિ દોઉ આદરે, દિનદિન ચઢત પ્રણામેરે.

તાસ કુખસે ઉપની, સ્વર્ગલોકથી આઇરે;
... ...

સંવત્ સત્તરસે તીસમેં, શ્રાવણ માસ ઉદારોરે;
કૃષ્ણપક્ષ એકાદશી જનમ ભયેઃ સુવિકારોરે.

માણિકદેવીના શ્વસુર તથા પતિ એ વખતે પટણામાં રહેતા અને બહુજ ધનવાન હતા :

નગર સુવસ પટણે વસે, ઉસવંસ સિરદાર:
ગોત્ર નહટલડા જગ પ્રગટ, દોલતવંત દાતાર.

હીરાનંદ નરિંદ સમ, માને સહુ કોઇ આણ,
સાત પુત્ર તેહને પ્રગટ અદભૂત ગુણમાણખાણ.

માણિકચંદ નરિંદ સમ ચૌદે વિદ્યા ભંડાર;
લંછન અંગ બત્તીસ ત્યુ, કામતણો અવતાર.

પુરણમલ્લની પુત્રી કિશોરકુંવરી, માણેકચંદને ત્યાં માણિક-દેવીના નામે ઓળખાઇ. તેનાં પગલાંથી હિરાનંદને ત્યાં લક્ષ્મી વધતી ચાલી:

પુણ્યવંતને પગપરવેશ, કીરત વાધી દેશોદેશ;
વાધે પુત્ર પોત્ર પરિવાર, વાધી લછમી અદ્ભુત ભંડાર.

નરદેહી ધરી આઇ વહુ, પરત છલછલી ભાખે સહુ;
માણિકદેવી દીન્હા નામ, અદ્ભૂત રૂપવંત અભિરામ.

પટણાથી માણિકચંદ મુર્શિદાબાદમાં આવ્યા. મુર્શિદાબાદના વૈભવનું વર્ણન કવિ આ પ્રમાણે આપે છેઃ

રાજા પરજા આ ઉમરાવ, ફોજદાર સુબા નવાબ;
સહુકોઈમાને હુકુમ પ્રમાન, દિલીપતિ દે અતિ સન્માન.

બાદશાહ શ્રી ફરૂકશાહ, શેઠ પદસ્થ દીપો ઉછાહ;
માણિકચંદ શેઠ ભણે નામ, ફિરી દુહાઇ ઠામેઠામ.

દેશ બંગાલ કેરે ધની, દિનદિન સંતતી સંપતિ ઘણી;
જો પુત્ર સુરેંદ્ર સમાન, પ્રગટે ફતેચંદ સુજાન.
દિલ્લી જાય દિલીપતિ ભેટ, નામ ખીતાબ જગત શેઠ.

સંવત ૧૭૭૧ માં માઘ માસની દશમી ને શુક્રવારે માણેકચંદ શેઠ સારો પુત્ર-પૌત્રાદિ પરિવાર મૂકી સ્વર્ગવાસ પામ્યા. જગતશેઠ ફતેહચંદે, માતાની શ્રી શિખરજીએ યાત્રા જવાની ઈચ્છા સાંભળી મોટા પાયા ઉપર તીર્થયાત્રાની તૈયારી કરવા માંડીઃ

માતાજીકા આનન્દ પ્યારા જાત્રા કી ચાહ;
કરી સજાઈ સંઘની, ભેજે હેત વધાઇ.

ઘાટ વાટ સબ સજી કરો, સંઘ આવે જીહ રાહ;
હુકૂમ સુણત સબ ભૂપતિ, લાગે કરન ઉછાહ.

દેશ વિદેશે પઠુછે, પત્રી પરમ હુલાસ;
ચોવીહ સંઘ બુલાઇયા, ખરચી ભેજી ખાસ.

અસવારી વાહન દીએ, જીહ જીહ માંગી તેમ;
ડેરા તંબુ પાલ ભલા, દીન્હા સબકો તેમ.

સંઘ સહૂ એકઠા થયા, મૂલુક મૂલુક સો આય;
તુરત બોલાયા જોતષી, મુહરત દીયા બતાય.

સંઘની તૈયારી અર્થે કર્ણાટકી લાલ બનાતના તંબુ, ઐરાવત જેવા હાથી, તેજી ઘોડા અને ફોજ તથા સામંતોનું વર્ણન આપ્યા પછી કવિએ વર્ધમાન નગરી અને ચંપાપુરીની સ્પર્શનાનો આનંદ વર્ણવ્યો છે. શિખરજી પહોંચ્યા પછી ત્રણ દિવસ અને ત્રણ રાત ગિરિશિખર ઉપર રહ્યાં અને સ્નાત્ર, પૂજા તથા આંગી વિગેરે ખૂબ ધામધૂમથી કરાવ્યાં.

શિખરજીની યાત્રા કરી આવ્યા પછી માતા માણિકદેવીએ મુખ્યતાએ ધર્મકરણીમાં જ ચિત્ત પરોવ્યું:

જીનમંદિર રૂપાતણા, ગૃહમેં સરસ બનાય;
પ્રતિમા સોના રજતની, થાપી શ્રી જીનરાય.

પહર એક પૂજા કરે, જપે મંત્ર નવકાર;
દાન દેહી જવ હાથસોં, તવ હી કરે આહાર.

છઠ છઠ અરૂ પારણો, જો કહું નિય બદ જાપ;
તપ તેથા ,નિહચે કરે, એક રેક ન મીટાય.

દોય પહર શાસ્ત્ર સુણે, સંઝા કરે તૂકાલ;
પોસહ અષ્ટમી ચૌદસી, પડિક્રમણા બીહુ કાળ.

સચિત્ત વસ્તુ છુએ નહીં, દીન દીન પ્રતિ દાન;
કુણ સરભર તેહની કરે, સહે ન રાજ રાણુ.

દેશ બંગાલે નહિ હુતા, દેહરા અરૂ પોસાલ;
પુણ્ય પ્રસાદ માતાનણે, ઘર ઘર થયા વિલાસ.

જૈની હોતે નગ્રમેં, આગે ઘર દોય ચાર;
સો પ્રાસાદ માતાનણે, શ્રાવક ભએ હજાર.

ક્રમે ક્રમે માતા માણિકદેવીએ ખૂબ ઉગ્ર તપશ્ચર્યાઓ આદરી. ઉપરાઉપરી તપશ્ચર્યાથી તેમનું શરીર હાડપીંજર જેવું બની ગયું. છતાં વ્રત-પચ્ચખાણુ ન તજ્યાં. તપશ્ચર્યાની જેમ દાનમાં પણ તેઓ એટલા જ મુક્તાહસ્ત હતાં:

લાખો દાન દીયા સતી રે લો—
લાખ કીયા ઉપગાર રે...

લાખ જીવ પ્રતિપાળીયા રે—
લાખો ભેજ સસાર રે...

મોહ નહીં મમતા નહીં રે લો—
રાગ નહીં કછુ રોસ રે...

ઘાટ વાટ સબ સજી કરો, સંઘ આવે જીહ રાહ;
હુકૂમ સુણત સબ ભૂપતિ, લાગે કરન ઉછાહ.

દેશ વિદેશે પઠઇ, પત્રી પરમ હુલાસ;
ચોવીહ સંઘ બુલાઇયા, ખરચી ભેજી ખાસ.

અસવારી વાહન દીએં; જીહ જીહ માંગી તેમ;
ડેરા તંબુ પાલ ભલા, દીન્હા સબકો તેમ.

સંઘ સહૂ એકઠા થયા, મૂલુક મૂલુક સો આય;
તુરત બોલાયા જોતષી, મુહરત દીયા બતાય.

સંઘની તૈયારી અર્થે કર્ણાટકી લાલ બનાતના વત જેવા હાથી, તેજી ઘોડા અને ફોજ તથા સામ આપ્યા પછી કવિએ વર્ધમાન નગરી અને ચંપાર નાનો આનંદ વર્ણવ્યો છે. શિખરજી પહોંચ્યા પછ અને ત્રણ રાત ગિરિશિખર ઉપર રહ્યાં અને તથા આંગી વિગેરે ખૂબ ધામધૂમથી કરાવ્યાં.

શિખરજીની યાત્રા કરી આવ્યા પછી માતા મુખ્યતાએ ધર્મકરણીમાં જ ચિત્ત પરોવ્યું:

જીનમંદિર રૂપાતણા, ગૃહનેં સરસ બ
પ્રતિમા સોના રજતની, થપી શ્રી જી

પહર એક પૂજા કરે, જપે મંત્ર ન
દાન દેહી જય દાયસો, ૧૨ દી કરે

સુભદ્રાદેવીએ જ જાણે પંચમકાળમાં અવતાર લીધો હોય એટલી માતા માણિકદેવીએ શાસનની પ્રભાવના કરી અને પોતાનો જન્મ સાર્થક કર્યો. સાધ્વી–સતીઓનાં ચરિત્ર આજસુધી માત્ર શાસ્ત્રોમાં જ વાંચ્યા હતા, પણ કવિ પોતાને માણિકદેવીના દર્શનથી કૃતાર્થ માનતા હોય તેમ ઉલ્લાસથી ઉચ્ચારે છે કે—

શાસ્ત્રમાંહી સુણતા હતા રે,
સાધ સતીની વાત રે;
પરતખ દેખી આંખીસો રે,
માણિકદેવી માત રે......

આ રાસ પાર્શ્વચંદ્ર ગચ્છના મુનિ નિહાલચંદજીએ, માણિકદેવીના સ્વર્ગવાસ સમયે અર્થાત્–૧૭૯૮ માંજ, મુર્શિદાબાદ મુકામે રચ્યો છે. રાસકારના પોતાના શબ્દોમાં કહીએ તો—

પાસચંદ્ર ગચ્છ પરગટા રે,
વાચક શ્રી હર્ષચંદ:
તાસ અનુજ જસ ઉચરે રે,
નામ મુનિ નિહાલચંદ.

સંવત સતરે અઠાણુવે રે,
પોષ કૃષ્ણપક્ષ સાર રે;
તિથ તેરસ જસ જંપીયો રે,
મખસુદાબાદ મઝાર રે.

ક્ષમા દયા સમતા ભરી રે—
હરખ નહીં અપસોસ રે...

તપસ્વિની માતાનો પુત્ર પણ કેટલો માતૃભક્ત હતો!

હુકમ કબહુ મેટે નહીં, માતતણો જગતશેઠ;
તીન વાર દિન પ્રતિ કરે, ચરણકમલકી ભેટ.

દાન માગે નવસહસ્ર દીએ, સહસ્ર કહે દે લક્ષ;
માતાને માને સદા, પરમેશ્વર પ્રતક્ષ.

મૃત્યુને એક વરસ બાકી હતું, તે વખતે મેઘની જેમ માતા માણિકદેવીએ દાન વરસાવ્યાં, વખતો વખત લ્હાણીઓ કરી અને કવિ કહે છે કે આવી ધરમકરણી તો "દૂજે કિણુહી ન કીન"—ભાગ્યે જ બીજા કોઈએ કરી હશે. પુત્ર પૌત્રાદિને બોલાવી આશીર્વાદ આપ્યાં, અને છેવટે પોતાના શ્રીમુખથી અણશણ વ્રત ઉચર્યાં અને અંતે "સુણતા સુગુરૂ વખાણ—સર્વસૌં કીન્હો ખામણાં; કરિ પ્રભુજીનો ધ્યાન, માણિકદેવી માતા સતી પહુતી અમરવિમાન." સ્વર્ગવાસની સંવત, માસ, પક્ષ, તિથિ, વાર ને નક્ષત્ર આ પ્રમાણેઃ—

સંવત સત્રે અઠાણવૈ, પોસ કૃષ્ણ રવિવાર;
પડિવા પુષ્ય નક્ષત્રમૈં, પહુતા સ્વર્ગમઝાર.

કવિ કહે છે કે મહાસતી ચંદનબાળા, મૃગાવતી અને

supplicant, so that, composed in mind, he may devote himself to pray according to that religion. Whereas the person aforesaid deserves Royal favour and bounty, also as it appears that the property he asks for has a particular connection with him and (as) it appeared on inquiry instituted by this High in Dignity that mountain Paresnath and the Cotee aforesaid have from a long time appertained to the (followers of the) Jain Setamburee religion, therefore the whole of the mountain and Cotee at Mudhoobun butted and bounded by four boundaries, are bestowed by the Royal Court on the aforesaid person. It is required that he should always devote to pray himself for the welfare and prosperity of the state; and no one should offer opposition respecting the mountain Pareshnath and the Cotee at Mudhoobun.

Knowing this to be very urgent matter let them act as directed.

The whole of mountain Paresnath situate in the country of Bengal.

Three hundred and one Beeghas of Lakheraj land of Mudhoobun, situate in the country of

Bengal, butted and bounded by four boundaries specified below:

On the west: The water course of Joypariah alias Jaynugger.

On the east: The old water course (nala).

On the north: The koond or reservoir (called) Julhurrey prepared by the (followers of the) Jain Setamburee religion.

On the South: The [illegible] of mountain Paresnath.

Written on the 27th day of the month of Jemateeoolawa[illegible] the [illegible] year of the [illegible] reign.

[illegible]

The Khan [illegible] Bahadur, Victorious in War [illegible] Manager of affairs, [illegible] of the country, Comman[illegible] and servant of the King [illegible].

([illegible] translation

(Sd.) Shama [illegible] S[illegible]rcar.

The 19 March 1865

Chief Interpre[illegible]

High Court, Ori[illegible]

(અહમદશાહ બાદશાહનું ૧૭૫૨નું ફરમાન)

(સીક્કો)

(પાક–પરવરદિગારની રાહબરીમાં)

સંતનત નીચેના બંગાળા તથા બીજા પ્રાંતોના હાલના તથા ભવિષ્યના રાજ્યકારભાર ચલાવતા અમલદારો તથા તહસીલદારોને માલુમ થાય કે:—બંગાલ દેશમાં આવેલ જૈન શ્વેતાંબર ધર્મ અનુસાર તીર્થ સ્થાનકો પારસનાથજીનો પર્વત તથા મધુવન પાસેની ચાર સીમાડા સાથે મહેસુલ–માફ જમીન (લાખેરાજ) ઉપર આવેલી કોઠી જૈન શ્વેતાંબર ધર્મના અનુયાયીઓને તાબે હોવાનું તથા તે રાજ્યનિષ્ઠ અરજદાર જૈન શ્વેતાંબર ધર્મના અનુયાયી હોવાનું જગતશેઠ મહતાબરાયે અમો નેકનામદાર પાસે નીવેદન કરેલ છે અને તે આશા રાખે છે કે બહાદુર નામવર હજુરના હાથે ઉપર કહેલ પર્વત તથા કોઠી સદરહુ આજ્ઞાધીન અરજદારને બક્ષીસ કરવામા આવે કે જેથી તે નિશ્ચિંત મને સદરહુ ધર્માનુસાર પ્રાર્થના વિગેરે કરે. સદરહુ શખ્સ સરકારની કૃપા તથા બક્ષીસને લાયક હોવાથી તથા જે મિલ્કતની તે માંગણી કરે છે તેની સાથે પોતાને ખાસ સબંધ છે તેમ જણાયાથી તથા નેકનામદાર તરફથી તપાસ કરવામા આવતા, ઉપર દર્શાવેલ પારસનાથનો પર્વત તથા કોઠી સાથે લાંબા વખતથી જૈન શ્વેતાંબર ધર્મના અનુયાયીઓને સંબંધ હોવાનું જણાયાથી સમગ્ર પર્વત તથા ચાર સીમાડા સાથે મધુવન પાસેની કોઠી બાદશાહ હજુરથી સદરહુ શખ્સને ભેટ આપવામાં આવે છે. એ જરૂરનું છે કે રાજ્યના દિન તથા આબાદી

માટે તેણે હંમેશા પ્રાર્થના કરવી અને કોઇએ પણ પારસનાથના પર્વત તથા મધુવન પાસેની કોઠી સંબંધે વિરોધ કરવો નહિ. આ ઘણી અગત્યની બાબત સમજીને તેઓએ સૂચનાનુસાર વર્તન રાખવું.

બંગાળ દેશમા આવેલા પારસનાથનો સમગ્ર પર્વત બંગાળ દેશમાં આવેલ નીચે દર્શાવ્યા મુજબ ચાર સીમાડાબંધ મધુવનની ત્રણસો એક વિઘા લાખેરાજ જમીન:—

પશ્ચિમ દિશાએ જયપારીયા અથવા જયનગરનું નાળું.
પૂર્વ દિશાએ પ્રાચીન નાળું.

ઉત્તર દિશાએ જૈન શ્વેતાંબર ધર્મના અનુયાયીઓએ તૈયાર કરેલ જલહરીના નામથી કહેવાતો કુંડ અથવા ટાંકુ.

દક્ષિણ દિશાએ પારસનાથ ડુંગરની તળાટી.

બાદશાહના રાજ્યના પાંચમા વર્ષમા જમાદીલવાલ માસના ૨૭ ના રોજ લખવામાં આવ્યું.

પાછળનો ભાગ.

શૂરવીર બાદશાહ અહમદશાહનો નિમકહલાલ મિત્ર તથા સેવક, સેનાધિપતિ, દેશાધિકારી અમીરોનો અમીર, રાજ્યકારોબારનો વ્યવસ્થાપક રાજ્ય મુલકનો વઝીર, લડાઇમાં યશસ્વી ખાનખાના કમરૂદીનખાન બહાદુર.

(પર્શીયન ભાષાના દસ્તાવેજનું ખરૂં ભાષાંતર)

(સહી) શામાચરણ સરકાર

૧૯—માર્ચ ૧૮૬૮ મુખ્ય દુભાષીયો તથા ભાષાંતરકાર
અસલ હકુમત હાઇકોર્ટ

(Sunnud of Aboo Alikhan Bahadur,
dated the third year of reign)

Aboo Ali Khan Bahadur
Emperor and Champion of Faith

To, (Seal)

The Motsuddees of the present time and of future of Pergunnah Bissoonpore Pachrookhy in the province of Behar.

Take notice that,

Since Mouzah Palgunge in the aforesaid Purgunnah has been as heretofore exempted from all liabilities in the name of Raja Padmansingh as a charitable endowment to all the temples of Pareshnath made by Juggut Sett, the same is therefore upheld and confirmed in the year 1163 Fusli (1755 A. D.). You shall raise no objection and offer no opposition in any way whatever in respect of the said Mouzah and shall release and leave it to the use and possession of the above named Rajah so that he may apply the profits thereof to necessary purposes and continue to pray for the welf[illegible]

to last for ever. Written on the 27th day of Jamadi-us-sani in the third year of reign.

21-1-89 (True translation)

Sd/ Iswaree Parsad.



અબુ આલીખાન બહાદુરના રાજ્યના ત્રીજા વર્ષની સનદ

બાદશાહ તથા ધર્મરક્ષક અબુઆલીખાન બહાદુર

(સીક્કો)

બિહાર પ્રાંતના બીસનપુર પાગરૂપી પરગણાના હાલના તથા ભવિષ્યના મુત્સદીઓ જોગ—

માલુમ થાય કે—

ઉપર દર્શાવેલ પરગણામાં પાલગંજ ગામ તે રાજા પદમનસિંહના નામે જગતશેઠના બનાવેલાં પારસનાથના સર્વ મંદિરોને ધાર્મિક સખાવત તરીકે બધા કરવેરામાંથી મુક્ત કરવામાં આવ્યું છે. તેથી તેનો સ્વીકાર કરી ફસલી ૧૧૬૯ (હિ. સ. ૧૦૭૧) ની સાલમાં મંજુર કરવામાં આવે છે. [illegible] ૨૧-૧-૮૯ (સાચો અનુવાદ)

(સહી) ઈશ્વરીપ્રસાદ

વાચનાચાર્ય શ્રી વિજય માણિક્યસિંહ સૂરીશ્વરકૃત અપૂર્વ પુસ્તકો નીચેના સીરનામે રોકડી કિંમતે મળી શકશે.

શ્રી જિનેંદ્ર પૂજા સંગ્રહ પૃષ્ઠ ૭૭૫ કિં. રૂ. ૧॥

શ્રી જૈન ગુર્જ્જર માણિક્ય માળા (સ્તવનાદિ સંગ્રહ) પૃષ્ઠ ૪૦૦ કિં. રૂ. ૧)

સ્નાત્રપૂજા સાથે શ્રી સમવસરણ પૂજા તથા પંચતીર્થી જિનપૂજા પૃષ્ઠ ૯૬ કિં. રૂ. ૦।

ગહુંલી સંગ્રહ પૃષ્ઠ ૯૬ કિં. ૦-૪-૦

પરદેશીને પોસ્ટેજ જુદું.

પુસ્તક મળવાનું ઠેકાણું—

શા. ભીખાભાઈ મનસુખરામ જરીવાળા.

રતનપોળ—અમદાવાદ.

ભેટનાં પુસ્તકો.

શ્રી મહાવીર જિન પંચકલ્યાણક પૂજા. ભેટ.

શ્રી બ્રહ્મચર્યવ્રત પૂજા. ભેટ.

શ્રી અમૃતપદારાધના. (આરાધનાનું સ્તવન) ભેટ.

ઉક્ત ભેટનાં પુસ્તકો જોઈયે તેમણે દરેકનું ટપાલ ખર્ચ એક આનાની ટીકીટ બીડી નીચેને શિરનામે પત્ર લખી મંગાવી લેવું.

શા. મોહનચંદ પીતાંબરદાસ.

ઢીંકવાની પોળ—અમદાવાદ.

ક્રાંતિકારી રાષ્ટ્રીય સાહિત્ય

[illegible] ભાગ ૧-૨

[illegible] મહાભિનિષ્ક્રમણ.

[illegible]

[illegible]

[illegible]

ખેતીવાડી માટે

બળદથી, ઇંજીનથી તેમજ
હાથવતી ચાલતા



રહેંટ

વાપરો અને ખેતીને આબાદ બનાવો.

દર કલાકે ૧૨૦૦૦ ગ્યાલન સુધી પાણી આપી શકે છે આની ઉંડાઈ અને પહોળાઇ લખી સચિત્ર કેટલોગ મફત મંગાવો.
આજેજ લખો:—

છોટુભાઇ ડાહ્યાભાઇ રહેંટવાળા
રહેંટ ફેકટરી—વલસાડ. (જી. સુરત)

બાદશાહી સોપ



સહેલાઈથી અને
સફાઈથી વાળ કાઢવા
માટે જગપ્રસિદ્ધ છે
બાક્સ એકનો રૂ.૧.
પો.૦ નકલમાલથી
સાવચેત રહેજો

સી.સી.મહાજન એન્ડ કાં. મુંબઈ,૨

ઝંડા છાપ



દરાજ ખુજલી માટે
અકસીર મલમ
મોટી નીકે સીડબીની
કી. ચાર આના
પોસ્ટેજ જુદું
સી.સી.માહાજન
એન્ડ કો.
મુંબઈ ૨

સ્ત્રીઓની
સૌંદર્યતા માટે

કામલતા હેર ઓઇલ (રજીસ્ટર્ડ)

આ તેલ વાપરવાથી મગજને શાન્તિ મળે છે, તથા વાળને તાકાત મળે છે, બીજાં તેલોની માફક આ તેલથી વાળ ખરી પડતા નથી તેમજ સફેદ થઇ જતા નથી.

લાંબા તથા જુલફાદાર વાળમાં જ સ્ત્રીઓની સૌંદર્યતા રહેલી છે, તેને માટે હમારૂં વનસ્પતિના તેલોમાંથી બનાવેલું સુગંધીથી ભરપુર કામલતા ઓઇલ વાપરો.

કિંમત બાટલી એકના રૂ ૦॥ પોસ્ટેજ ૦ા= મોટી બાટલીનો રૂ ૧) પોસ્ટેજ ૦ા=

મહાજનના

બાદશાહી

પેનક્યુરર

હમેશાં સાથે રાખો

સી. સી. મહાજન એન્ડ કાં મુંબઈ નં. ૨

તત્ત્વાર્થ સૂત્ર. (ગુજરાતી વિવેચન)

વિવેચક પં. સુખલાલજીએ આ વિવેચનમાં મૂળ સૂત્રો સાથે તેનો શબ્દાર્થ અને વિસ્તૃતથી ભાવાર્થ આપેલો છે, સાથે સાથે મહત્ત્વનો દિગંબરીય પાઠભેદ અને અર્થભેદ પણ સૂચવવામાં આવ્યો છે.

જૈનધર્મના સમગ્ર આચાર અને વિચારનું અધ્યયન કરનારાને આ એક પુસ્તક જ પુરતું છે. બીજા ધર્મવાળાઓ પણ જેઓ જૈનધર્મને તુલનાત્મક દૃષ્ટિએ જોવા ઇચ્છતા હોય તેને પણ આ પુસ્તક અત્યંત ઉપયોગી છે. એકંદર આ પુસ્તકમાં જે બધું લખાણ છે તે બધું સમન્વયની દૃષ્ટિએ જ લખવામાં આવ્યું છે.

વિવેચક પંડિતજીએ કર્તાનો નિર્ણય વગેરે બાબતો સંબંધી પ્રસ્તાવનામાં વિસ્તાર ચર્ચા કરી છે અને તેમાં જ સો પેજ રોક્યાં છે. આખો ગ્રંથ લગભગ ૫૦૦ પૃષ્ઠનો છે. છતાં કિંમત રૂા. ૨।



પુરાતત્ત્વ પ્રકાશિત. ભાગ ૧–૨–૩–૪–૫

પુરાતત્ત્વ ત્રૈમાસિકના આજ સુધીમાં પ્રગટ થઇ ચુકેલાં ૧–૨–૩–૪ અને ૫ પુસ્તકોની પાકા પુંઠાની બાંધેલી થોડી નકલો તૈયાર છે, એ દરેક પુસ્તકમાં જૈન, બૌદ્ધ અને હિંદુ સાહિત્યને લગતા અનેક પ્રકારના અને ઉચ્ચ કોટિના અનેક લેખોનો ઉત્તમ સંગ્રહ થયેલો છે. પ્રત્યેક પુસ્તક ભંડારમાં અને વિદ્વાન અભ્યાસિઓએ ગૃહસંગ્રહમાં એ પુસ્તક અવશ્ય સંગ્રહવા યોગ્ય છે.

મૂલ્ય દરેક પુસ્તકનું રૂા. ૫–૧૨–૦ (ટપાલ ખર્ચ જુદું)



પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ.

(સં. જિનવિજય. હ)

જેમાં આઠ સૈકા જૂની ગુજરાતી ભાષાના જૈન સાહિત્યમાંથી ઉતારા આપવામાં આવ્યા છે. ભાષા સાહિત્યના અભ્યાસીને ખાસ ઉપયોગી છે.

જગતશેઠ વિરૂદ્ધ કંપનીનું કારસ્તાન

"આ કામ (ટંકશાળ ખોલવાની મંજુરી મેળવવાનું) ઘણું જ છુપી રીતે થવું જોઇએ. નવાબની મંજુરી મેળવવા જશું તો તે જગતશેઠનો અભિપ્રાય માગ્યા વિના નહીં રહે. આપણે ગમે તેટલા પૈસા ખરચીએ પણ જગતશેઠ કોઇ દિવસ આપણને અનુકૂળ નહીં થાય. જેટલું સોનું-રૂપું આવે છે તે બધું રૂપીયા અને અશરફીઓ ઢાળવા માટે જગતશેઠ એકલા ખરીદી લે છે. એથી એમને પણ ઘણું હાસલ રહે છે. ઈ. ઈ. કંપનીની ટંકશાળથી તેમને ખોટ જાય એટલે તેઓ આપણી માગણી કબુલ કરે એવો સંભવ નથી. પણ જો જગતશેઠને ખબર ન પડે એવી રીતે દિલ્હીના શાહેનશાહની મંજુરી [illegible] તો [illegible] થાય આમ [illegible] લાખ રૂપીયા [illegible] પણ [illegible] જગત [illegible] તો પણ [illegible]